Minutes - EC તા.૫/૫/૦૭

<u>ખાનગી</u>

## ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૫/૫/૨૦૦૭ના રોજ સવારે ૯-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૫/૦૫/૨૦૦૭ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. દેસાઇ કેતન ધીરજલાલ | ગેરહાજર |
| ૬. | ડૉ. જયેશ અમૃતલાલ ઠકકર | હાજર |
| ૭. | શ્રી મનીષ એમ. દોશી | હાજર |
| ૮. | ડો. રંજના એચ. ધ્વિવેદી | હાજર |
| ૯. | ડો. શ્રીમતી આર.જી.ભટ્ટ | ગેરહાજર |
| ૧૦. | પ્રિ. ડો. ઘનશ્યામભાઇ નાનાભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૧. | પ્રિ. ડૉ. ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | હાજર |
| ૧૨. | પ્રો. શ્રીમતી એસ. આર. પંડયા | હાજર |
| ૧૩. | પ્રો.અજય નાનાલાલ સોની | હાજર |
| ૧૪. | પ્રો. મહેશ ચતુરભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૫. | પ્રો. રમેશભાઇ જોયતારામ ચૌધરી | હાજર |
| ૧૬. | શ્રી સુધીરભાઇ આઇ. નાણાવટી | હાજર |
| ૧૭. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૧૮. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૧૯. | ડો. ડી. જી. પટેલ | હાજર |
| ૨૦. | શ્રી પંકજ શુકલા | હાજર |
| ૨૧. | શ્રી. જે. જે. પટેલ | હાજર |
| ૨૨. | શ્રી ધર્મેશ બી. પંડયા | હાજર |

સભાની શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી માહિતી આપતા કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે આપ સૌના સાથ-સહકારથી આપણી યુનિવર્સિટીએ National Accreditation Assessment Council ધ્વારા કરવામાં આવેલ એક્રેડીટેશનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે અને ટૂંકા ગાળામાં યુનિવર્સિટીએ હાથ ધરેલ ભગીરથ કામગીરીના ફલસ્વરૂપે ૮૩.૧ નું સન્માનજનક ગ્રેડેશન પ્રાપ્ત કર્યું છે, આપણી યુનિવર્સિટી સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ રહી છે અને ભારતની જાણીતી અને મોટી યુનિવર્સિટીઓ કરતા પણ વધુ ગુણાંક

મેળવ્યા છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત છે અને તે બદલ આપ સૌનો હું આભારી છું.

ગુજરાત યુનિવર્સિટીએ મેળવેલ આ ગૌરવપૂર્ણ સિધ્ધિ બદલ સભ્યશ્રીઓએ કુલપતિશ્રીને અભિનંદન આપ્યા હતા.

બા.ક્ર.૧. તા.૧૩/૨/૨૦૦૭ના રોજ મળેલ એકિઝક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ : તા.૧૩/૨/૨૦૦૭નાં રોજ મળેલ એકિઝક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

**"બાબત ક્રમાંક : ૧૨ હેઠળના ઠરાવની ૪થી લીટીમાં '(એમ.એડ.સ્વનિર્ભર માટે)' લખેલ છે તેને બદલે સુધારીને '(એમ.એડ. ગ્રાન્ટ-ઇન-એઇડ માટે)' વાંચવું."**

બા.ક્ર.૨. **કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યો (જાણ સારૂ.)**

૨(૧). ૧. કે. એસ. સ્કૂલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટમાં ચાલતાં અભ્યાસક્રમ - (એમ.એસસી. (CASIT)માં નીચે દર્શાવેલ કર્મચારીઓના લેકચરર તરીકે ત્રણ વર્ષના ટેન્યોર પીરીયડ માટે નિમણૂંક કર્યાનું :

| | |
|---|---|
| ૧) શૈલી મજમુદાર | ૪) મૂકેશ પટેલ |
| ૨) તેજસ શાહ | ૫) હિતેષ પરમાર |
| ૩) કલ્યાણી પટેલ | ૬) કિંજલ પટેલ |

૨. કે. એસ. સ્કૂલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટની ૨૦૦૬-૦૭ના વર્ષની એડવાઈઝરી કમિટીની તા.૩/૧૨/૦૬ની ભલામણો મંજૂર કર્યાનું :

૨(૨). શ્રી ગુજરાત રાજ્ય અખિલ ગ્રામ્ય કબીર વિકાસ મંડળ, દાસા સંચાલિત આર્ટસ કોલેજ ફતેપુરા, જિ.દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૫થી કાયમી જોડાણ મેળવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું (૧) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૨) પ્રો. અજયભાઈ સોની, (૩) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૪) પ્રિ. ડૉ. સી. પી. પટેલ.

૨(૩). એરોમા કોલેજ ઓફ કોમર્સ, ઉસ્માનપુરા, અમદાવાદને શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૦૭ના જોડાણ સંદર્ભે આવેલ અરજી પરત્વે કોલેજે કરેલ ક્ષતિપૂર્તતાની ચકાસણી કરવા એકિઝક્યુટીવ કાઉન્સિલની તા.૨૦/૮/૦૬ની સભાના ઠરાવ મુજબ નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. પી. સી. ઉપાધ્યાય, (૨) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૩) પ્રો. સરલાબેન અચ્યુત્તન, (૪) ડૉ. ડી. જી. પટેલ, (૫) પ્રિ. કે. જે. પટેલ.

૨(૪). જનવિકાસ ટ્રસ્ટ અમદાવાદ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, મુ.રામોલ, તા.દસક્રોઈ અમદાવાદને શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી નવી બી.એડ. કોલેજ ચાલુ કરવા NCTE ભોપાલ દ્વારા મંજૂરી મળેલ હોઈ, જોડાણ કાર્યવાહી કરવા સંદર્ભે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ,

(૨) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૩) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૪) પ્રિ. ડૉ. એ. જી. કાછીઆ.

૨(૫). ધી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, હાથીજણ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી જોડાણ લંબાવવા સંદર્ભે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. પી. સી. ઉપાધ્યાય, (૨) ડૉ. ડી. જી. પટેલ, (૩) પ્રિ. હરજીતસીંહ ડી. શીખ, (૪) શ્રી પંકજભાઈ શુક્લ.

૨(૬). શ્રી સયાજીપુરા કેળવણી મંડળ બી.એડ. કોલેજ સયાજીપુરા જયયોગેશ્વર ટાઉનશીપ, આજવા રોડ, વડોદરાને નવી બી.એડ. કોલેજ ચાલુ કરવા (શૈક્ષણિક વર્ષ:૨૦૦૭-૦૮થી) NCTE ભોપાલ દ્વારા મંજૂરી મળેલ હોઈ જોડાણ કાર્યવાહી કરવા સંદર્ભે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૩) ડૉ. બી. વી. પટેલ, (૪) શ્રી મનીષભાઈ દોશી.

૨(૭). રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજ્ય મહાવિદ્યાલય રાષ્ટ્રભાષા હિન્દી ભવન, એલિસબ્રીજ, અમદાવાદ-૬ની કોલેજના નવા નામકરણ અંગે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. બી. સી. જોષી, (૨) પ્રિ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, (૩) પ્રિ. હરજીતસીંહ ડી. શીખ, (૪) પ્રિ. એ. જી. કાપડીયા.

૨(૮). અર્બન બેંક હોસ્પિટલ, હેલ્થ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ સેન્ટર અર્બન બેંક હોસ્પિટલ, રળીયાતી દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭થી નવી ડેન્ટલ કોલેજ શરૂ કરવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની LIC(સભ્યો) કમિટી નીમ્યાનું. (૧) ડૉ. મુકુલ શાહ, (૨) ડૉ. ડી. જી. પટેલ, (૩) ડૉ. પ્રવિણ ભાવસાર, (૪) ડૉ. જી. વી. શાહ.

૨(૯). નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.ફાર્મસી કોલેજ, મુ.મોરવા(રેણા), તા.શહેરા, જિ.પંચમહાલને શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૦૭ના જોડાણ સંદર્ભે આવેલ અરજી પરત્વે કોલેજે કરેલ ક્ષતિપૂર્તતાની ચકાસણી કરવા (એકિઝકયુટિવ કાઉન્સિલની તા.૨૦/૮/૦૬ની સભાના ઠરાવ મુજબ) નીચેના સભ્યોની LIC નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. બી. એન. સુહાગીયા, (૩) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૪) ડૉ. એમ. ટી. છાબરીયા.

૨(૧૦). શ્રી સ્વામીનારાયણ સંસ્કાર ડિપ્લોમા ફાર્મસી કોલેજ, મુ.ઝુંડાલ, તા.જિ.ગાંધીનગરને નીચે જણાવેલ વિષયો-અભ્યાસક્રમો માટે તેની સામે દર્શાવેલ પ્રકાર અને મુદત માટે મંજૂરી આપ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસી (સેલ્ફ ફાઈનાન્સ) | ૬૦ | નવું (એડહોક) | તા. ૧૫/૧૨/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ |

૨(૧૧). સીગ્મા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફિઝીયોથેરાપી, મુ.બાકરોલ, તા.વાઘોડિયા, જિ.વડોદરાને નીચે જણાવેલ વિષયો-અભ્યાસક્રમો માટે તેની સામે દર્શાવેલ પ્રકાર અને મુદત માટે મંજૂરી આપ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| બેચલર ઓફ ફીઝીયોથેરાપી (B.P.T.) (૨૦ વિદ્યાર્થી ક્ષમતા સાથે સ્વનિર્ભર ધોરણે) | નવું (એડહોક) | તા.૧/૨/૨૦૦૭ થી તા.૩૧/૭/૨૦૦૭ |

૨(૧૨). શ્રી ઘંટાકર્ણ મહાવીર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "ઉપમન્યુ કોલેજ ઓફ એજ્યુકેશન", સોલા રોડ, અમદાવાદની ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર) | ૧૦૦ | ચાલું (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૬ થી તા.૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૧૩). પી. ડી. પંડ્યા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષ બી.સી.એ. | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ |

૨(૧૪). શ્રી લોદરા કેળવણી મંડળ બી.એડ. કોલેજ, મુ.લોદરા, જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી સંસ્કૃત વિષયનું નવું જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) ડૉ. વસંત ભટ્ટ, (૩) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી, (૪) ડૉ. રમેશભાઈ ચૌધરી.

૨(૧૫). એચ. એમ. ભુરા બી.એડ. કોલેજ, મુ.સંતરામપુર, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) શ્રી મનીશભાઈ એમ. દોશી.

૨(૧૬). પારૂલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, મુ.લિમડા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) પ્રિ. ડૉ. જે. વી. દવે, (૩) ડૉ. યુ. સી. પાંડે, (૪) શ્રી પંકજભાઈ શુક્લ.

૨(૧૭). પારૂલ ઈન્સ્ટી. ઓફ ફાર્મસી, મુ.લિમડા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી. એન. સુહાગીયા, (૨) ડૉ. આર. કે. ગોયલ, (૩) ડૉ. યુ. સી. પાંડે, (૪) ડૉ. એમ. વી. રાવ.

૨(૧૮). બરોડા કોલેજ ઓફ ફાર્મસી, મુ.લિમડા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. જી. ભટ્ટ, (૨) ડૉ. રંજના હરીશ, (૩) ડૉ. આર. કે. ગોયલ, (૪) ડૉ. શોભના મેનન.

૨(૧૯). કેલેન્ડર વર્ષ તા.૧/૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૦૬ દરમ્યાન આ યુનિવર્સિટીની પી.એચ.ડી.ની પદવી માટે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ જુદા જુદા વિષયોમાં મહાનિબંધ સ્વીકાર્યાનું કાર્ય. (નોંધ :- યાદી આ સાથે સામેલ છે.)

૨(૨૦). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના આવેલ તા.૨૬-૨-૨૦૦૭ના પત્ર ક્રમાંક-એફ.નં.૩૨-૩૧૮/૨૦૦૬ (એસઆર)થી કેમેસ્ટ્રી વિભાગના ડૉ.હિતેશ ડી. પટેલના માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ અંગે બે વર્ષ માટે રૂા.૧.૦૦ લાખની આર્થિક-સહાય મંજૂર કરેલ છે જેની નોંધ લેવા બાબત. (યુ.જી.સી.માંથી આવેલ પત્રની નકલ આ સાથે સામેલ છે.)

૨(૨૧). પારૂલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, મુ.લિમડા, તા.વાઘોડિયા, જિ.વડોદરા દ્વારા ચલાવતો M.C.A.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી બંધ કરવા અંગે સંસ્થાની આવેલ અરજી પરત્વે ઓર્ડિ.૧૨૦-E મુજબ નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. સવિતા ગાંધી, (૩) ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૨૨). અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિસર્ચ ઈન્સ્ટીટયુટ, મુ.અડાલજ, જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. આર. કે. ગોયલ, (૨) ડૉ. યુ. સી. પાંડે, (૩) ડૉ. એમ. ટી. છાબરીયા, (૪) ડૉ. એમ. વી. રાવ.

૨(૨૩). શ્રી કે. કા. શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ, બિહારી મિલ કંપાઉન્ડ, ખોખરા રોડ, મણિનગર (પૂર્વ), અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. વસંતભાઈ ભટ્ટ, (૨) ડૉ. વાય. એસ. શાસ્ત્રી, (૩) પ્રો. એન. કે. પાઠક, (૪) ડૉ. બી. વી. પટેલ.

૨(૨૪). કાનોરિયા હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, મુ.ભાટ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી "ડિપ્લોમા ઈન એપ્લાઈડ કિલનીકલ કાઉન્સેલિંગ એન્ડ સાયકોથેરાપી" (DACCPT)

અભ્યાસક્રમનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. એચ. પી. ભાલોડિયા, (૨) ડૉ.નીતાબેન વ્યાસ, (૩) ડૉ. અમરીશ પરીખ, (૪) ડૉ. જી. વી. શાહ.

૨(૨૫). તક્ષશિલા ફાઉન્ડેશન સંચાલિત "એસ.આર.કોલેજ ઓફ વિમેન એજ્યુકેશન", મકરપુરા રોડ, વડોદરાને N.C.T.E. ભોપાલ દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી સ્વનિર્ભર ધોરણે ૧૦૦ સીટ સાથેની નવી બી.એડ્. કોલેજ ચાલુ કરવા મંજૂરી મળેલ હોઈ, જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર.એસ.પટેલ, (૨) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૩) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૪) પ્રિ. ડૉ. એ. જી. કાછીઆ.

૨(૨૬). શ્રીમતિ માલિની કિશોર સંઘવી હોમીયોપેથીક મેડિકલ કોલેજ, સુમેરુ, મિયાંગામ-કરજણ, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી નવી હોમીયોપેથીક કોલેજ ચાલુ કરવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. કિર્તીભાઈ પટેલ, (૨) ડૉ. બંકીમભાઈ માંકડ, (૩) ડૉ. બિપીનભાઈ પટેલ, (૪) ડૉ. કલ્પેશભાઈ શાહ. **(નોંધ:- રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા આ કોલેજને "એસેન્સ્યાલીટી સર્ટીફિકેટ" આપવામાં આવેલ છે.)**

૨(૨૭). શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ફાર્મસી કોલેજ, મુ.ઝુંડાલ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭થી પ્રથમ વર્ષ બી.ફાર્મ.નું ચાલુ તથા દ્વિતીય વર્ષ બી.ફાર્મ.નું નવું(એડહોક) જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ફાર્મ.<br>દ્વિતીય વર્ષ બી.ફાર્મ. | ૬૦ | ચાલું<br>નવું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૨૮). શ્રીનાથ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત "ધી સાંદિપની શિક્ષણ મહાવિદ્યાલય", સેકટર-૨૩, ચાણક્યપુરી, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧ને N.C.T.E., ભોપાલ દ્વારા સ્વનિર્ભર ધોરણે ૧૦૦ સીટ સાથેની નવી બી.એડ્. કોલેજ ચાલુ કરવા મંજૂરી મળેલ હોઈ, સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર) | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૭ થી તા.૧૪/૧૨/૨૦૦૭ સુધી |

૨(૨૯). નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો.ઓપરેટીવ મેનેજમેન્ટ, ગાંધીનગરની ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭નું જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ. બી. એ. (સ્વનિર્ભર) | ૬૦ | ચાલું એડહોક | તા.૧૫/૬/૨૦૦૬ થી તા.૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૩૦). ગવર્નમેન્ટ ફિઝીયોથેરાપી કોલેજ એન્ડ પેરાપ્લેજીયા હોસ્પિટલ, અમદાવાદને રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા નવી વધારાની ૬૦ સીટો મંજૂર કરેલ હોઈ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭નું વધુ ૧૦ માસનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ. બી. એ. (સ્વનિર્ભર) | ૬૦ | ચાલું એડહોક | તા.૧૫/૬/૨૦૦૬ થી તા.૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૩૧). યુનિવર્સિટીમાં કુલસચિવશ્રી તરીકે ફરજ બજાવતાં ડૉ. એ. વી. ભાંડારીએ તેમના અંગત તથા કૌટુંબિક કારણસર તેમને મળેલ ૨ વર્ષના લીયનનો ઉપયોગ કરી તેમની પ્રોફેશર ઈન લિંગ્વીસ્ટીકની મૂળ જગ્યા ઉપર હાજર થવા માટે તા.૨/૪/૦૭ના રોજ આપેલ અરજીના અનુસંધાનમાં તેમનો પ્રોફેસર ઈન લિંગ્વીસ્ટીકની મૂળ જગ્યા ઉપર હાજર થવા તા.૯/૪/૦૭ કાર્યાલય સમય બાદ ફરજ મુક્ત કર્યાનું.
**(નોંધ :- (૧) ડૉ. એ. વી. ભાંડારીએ કુલસચિવ તરીકે તા.૩૧/૧/૦૬ના રોજ હવાલો સંભાળેલ હતો., (૨) ડૉ. એ. વી. ભાંડારીને ૨ વર્ષનો લીયન E.C.ની તા.૧૪/૫/૦૬ સભાની બા.ક.૨(૯૦)થી મંજૂર કરવામાં આવેલ હતો.)**

૨(૩૨). કુલસચિવશ્રી ડૉ. એ. વી. ભાંડારીને તેમની પ્રોફેસર ઓફ લિંગ્વીસ્ટીકની મૂળ જગ્યા પર હાજર થવા તા.૯/૪/૦૭ કાર્યાલયના સમય બાદ ફરજ મુક્ત કરતાં કુલસચિવશ્રીની જગ્યાનો વધારાનો ચાર્જ ચીફ એકાઉન્ટસ ઓફિસર શ્રી મિનેષભાઈ એસ. શાહને તેમની ફરજો ઉપરાંત સોપ્યાનું.

૨(૩૩). યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં તા.૨૪/૨/૦૬થી એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી જયદેવસિંહ ગોહિલે તેમની તા.૧૦/૩/૦૭ના રોજ આપેલ અરજીના અનુસંધાનમાં તેઓનું રાજીનામું મંજૂર કર્યાનું અને તા.૯/૪/૦૭ કાર્યાલય સમય બાદથી ફરજ મુક્ત કર્યાનું.

૨(૩૪). શ્રી કે. કા. શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ, બિહારી મીલ કંપાઉન્ડ, ખોખરા રોડ, મણિનગર(પૂર્વ), અમદાવાદ-૮ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના

સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું (Revised Order). (૧) ડૉ. વાય. એસ. શાસ્ત્રી, (૨) પ્રો. એન. કે. પાઠક, (૩) ડૉ. બી. વી. પટેલ, (૪) ડૉ. એમ. વી. રાવ.

૨(૩૫). જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતી ડિપ્લોમા ફાર્મસી કોલેજ, ધર્મજ-ખંભાત રોડ, મુ.ધર્મજની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રો. એન. કે. પાઠક, (૨) ડૉ. વસંત ભટ્ટ, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) ડૉ. સરમણ ઝાલા.

૨(૩૬). શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ડિપ્લોમા ફાર્મસી કોલેજ, ઝૂંડાલ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૩) ડૉ. આર. કે. ગોયલ, (૪) ડૉ. એમ. ટી. છાબરીયા.

૨(૩૭). એલ. બી. રાવ ઈન્સ્ટી. ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એનડ રિસર્ચ ખંભાતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. યુ. સી. પાંડે, (૨) ડૉ. એમ. વી. રાવ, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) ડૉ. એન. આર. લાધાવાલા.

૨(૩૮). નવજાગૃતિ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેન, જુની મંડાઈ સામે, માળીવાડા સામે, ખંભાતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૩) ડૉ. સતિશભાઈ શુક્લ, (૪) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી.

૨(૩૯). દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજનું શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી કોલેજનું નવું નામાભિધાન "જે એન્ડ આર કોલેજ ઓફ એજ્યુકેશન" કરવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, (૨) ડૉ. સતિશભાઈ શુક્લ, (૩) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ, (૪) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી.

૨(૪૦). ઝેવિયર્સ ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, નવરંગપુરા, અમદાવાદ-૯ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૨) શ્રી બિપીનભાઈ મહેતા, (૩) પ્રિ. ભરતભાઈ જોશી, (૪) પ્રો. અજયભાઈ સોની.

૨(૪૧). પી. ડી. પંડ્યા ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, ઘોડાસર, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી કાયમી જોડાણ માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ

(LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૨) પ્રિ. સુભાષા બ્રહ્મભટ્ટ, (૩) શ્રી બિપીનભાઈ મહેતા, (૪) પ્રિ. એચ. ડી. શીખ.

૨(૪૨). જી. એલ. એસ. ઈન્સ્ટી. ઓફ કોમર્સ, એલિસબ્રીજ, અમદાવાદ-૬ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૨) ડૉ. સવિતા ગાંધી, (૩) ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, (૪) ડૉ. એચ. સી. સરદાર.

૨(૪૩). અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ, સેક્ટર-૨૩, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. એચ. એસ. ઓઝા, (૨) પ્રો. અજયભાઈ સોની, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) પ્રિ. હરજીતસીંગ શીખ.

૨(૪૪). શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ફાર્મસી કોલેજ, ઝુંડાલ, તા.જિ.ગાંધીનગરને જૂન ૨૦૦૭-૦૮થી ડીગ્રી ફાર્મસીનું ચાલુ જોડાણ લંબાવવા માટેની આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું.(૧) ડૉ. બી. એન. સુહાગીયા, (૨) ડૉ. આર. કે. ગોયલ, (૩) ડૉ. યુ. સી. પાંડે, (૪) ડૉ. એસ. આર. દવે.

૨(૪૫). ગવર્નમેન્ટ ફિઝીયોથેરાપી કોલેજ એન્ડ પેરાપ્લેજીયા હોસ્પિટલ, અમદાવાદ-૧૬ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. એચ. પી. ભાલોડિયા, (૨) ડૉ. કિર્તીભાઈ પટેલ, (૩) ડૉ. જી. વી. શાહ, (૪) ડૉ. સી. એસ. શર્મા.

૨(૪૬). નગર સ્કૂલ ઓફ ઓપ્ટોમેટ્રી સી. એચ. નગરી આંખની હોસ્પિટલ, એલિસબ્રીજ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. એચ. પી. ભાલોડિયા, (૨) ડૉ. કિર્તીભાઈ પટેલ, (૩) ડૉ. જી. વી. શાહ, (૪) ડૉ. સી. એસ. શર્મા.

૨(૪૭). અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, એચ. એલ. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૯ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી M.C.A.નું ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૨) ડૉ. બી. વી. પટેલ, (૩) ડૉ. ચિન્નમ રેડ્ડી, (૪) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ.

૨(૪૮). વિઝન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "વિઝન કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.) અમદાવાદ" દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એસ.એન.ડી.ટી. યુનિ. મુંબઈનું જોડાણ રદ કરીને તે આ યુનિવર્સિટીમાં તબદીલ (Transfer) કરવા સંદર્ભે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું.

(૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. બી. વી. પટેલ, (૩) ડૉ. રંજના હરીશ, (૪) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ.

૨(૪૯). આર. સી. કોલેજ ઓફ કોમર્સ૪ દિલ્હી ચકલા૪ અમદાવાદ-૧ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭નું ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| પ્રથમ વર્ષ બી. કોમ.<br>દ્વિતીય વર્ષ બી. કોમ.<br>તૃતિય વર્ષ બી. કોમ. | ચાલુ (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૬ થી તા.૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૫૦). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેમના તા.૨૧/૩/૨૦૦૭ના આવેલ પત્ર ક્રમાંક - ડી.ઓ.નં.એફ.૨૭-૧/૨૦૦૫ (એએસસી)થી એકેડેમિક સ્ટાફ કોલેજની મુદત તા.૧/૪/૨૦૦૭થી તા.૩૧/૩/૨૦૧૨ સુધી એટલે અગિયારમી પંચવર્ષીય યોજના સુધી લંબાવેલ છે જેની નોંધ લેવા બાબત.

૨(૫૧). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ-દિલ્હી તરફથી આવેલ તા.૩૦/૩/૨૦૦૭ના પત્ર ક્રમાંક - એફ.૨૬-૨/૨૦૦૩ (એસયુઆઈ)થી સ્ટાફ અંગેની ગ્રાન્ટ રૂ.૪૭.૫૦ લાખ "Re-appropriation" નીચેના મુજબના હેડ મુજબ ફાળવણી કરેલ છે જેની નોંધ લેવા બાબત..

| | | |
|---|---|---|
| (૧) | બુક્સ એન્ડ જર્નલ્સ | ૮.૦૦ લાખ |
| (૨) | વૈજ્ઞાનિક સાધનો | ૩૯.૫૦ લાખ |
| | **કુલ** | **૪૭.૫૦ લાખ** |

૨(૫૨). ફાઈનાન્સ સમિતિની એક સભા તા.૨/૩/૦૭ને શુક્રવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ સભાની કાર્યવાહી મંજૂર કર્યાનું.

૨(૫૩). યુનિવર્સિટીમાં કુલસચિવ તરીકે ફરજ બજાવતાં ડૉ. એ. વી. ભાંડારીએ તેમના અંગત અને કૌટુંબિક કારણસર (તેઓએ મેળવેલ બે વર્ષના લિયન સંદર્ભે (એકા.તા.૧૪/૫/૨૦૦૬) તેઓની મૂળ જગ્યા પર પરત જવા તા.૨/૪/૦૭ના રોજ કરેલી અરજી ગ્રાહ્ય રાખતાં તા.૪/૪/૨૦૦ના રોજ લિંગ્વિસ્ટિક્સ વિભાગ, ભાષાભવનમાં ફરજ ઉપર હાજર થતાં લિંગ્વિસ્ટિક્સ વિભાગના વડા તરીકે નિમ્યાનું.

૨(૫૪). એઓસીએશન ઓફ કોમન વેલ્થ (ACU) યુનિવર્સિટીઝ યુ. કે. તરફથી આવેલ તા.૪/૪/૨૦૦૭ના પત્ર અન્વયે વર્ષ ૨૦૦૬-૦૭નું વાર્ષિક લવાજમ ૯૨૮ પાઉન્ડ રૂપાંતરિત રકમ રૂ.૭૭,૮૮૭/- (રૂપિયા સિત્યોતેર હજાર આઠસો સિત્યાશી પૂરા) મંજૂર કર્યાનું.

૨(૫૫). શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી ગુરૂકુલ કેમ્પસ, (MCA), સેકટર-૨૩, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. સવિતા ગાંધી, (૨) ડૉ. યુ. સી. પાંડે, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) શ્રી કેદારભાઈ ભટ્ટ.

૨(૫૬). ગુજરાત લો સોસાયટી સંચાલિત "એસ. એમ. પટેલ ઈન્સ્ટી. ઓફ કોમર્સ", એલિસબ્રીજ, અમદાવાદ-૬ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી પ્રથમ, દ્વિતીય, તૃતિય વર્ષ બી.કોમનો વધારાનો વર્ગ અંગે જોડાણ અરજી આવેલ તેના સંદર્ભે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. શોભના મેનન, (૩) ડૉ. રાજશ્રી કલાર્ક, (૪) ડૉ. મિનુ શરાફ.

૨(૫૭). સ્વામી વિવેકાનંદ ફિઝીકલ એજ્યુકેશન કોલેજ, કામેશ્વર વિદ્યાલય સંકુલ, મુ.સરગાસણ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રો. હરીશભાઈ દેસાઈ, (૨) ડૉ. એચ. સી. સરદાર, (૩) ડૉ. એન. કે. જૈન.

૨(૫૮). શ્રી નારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ. ડી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, મુ.પો.ઝૂંડાલની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. એસ. આર. દવે, (૨) ડૉ. એમ. વી. રાવ, (૩) ડૉ. વાય. ટી. જશરાય, (૪) ડૉ. એન. કે. જૈન.

૨(૫૯). સ્વ.મોંઘીબા છીતાભાઈ પરમાર બુનિયાદી શિક્ષણ મહાવિદ્યાલય, જીબીટીસી બી.એડ્. બેઝિક કોલેજની ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. કે. જે. પટેલ, (૨) પ્રિ. હરજીતસીંગ શીખ, (૩) પ્રિ. એસ. કે. મનસુરી, (૪) ડૉ. સતિશભાઈ શુક્લ.

૨(૬૦). એરોમા કોલેજ ઓફ કોમર્સ, કમર ટ્રસ્ટ બિલ્ડીંગ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. કે. જે. પટેલ, (૨) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ, (૩) પ્રિ. સીરાલીબેન મહેતા, (૪) પ્રિ. ડૉ. ગીતાબેન મહેતા.

૨(૬૧). આર. જી. ભરવાડ શ્રી વાડીનાથ ડિપ્લોમા ફાર્મસી કોલેજ, મુ.પો.અણિયાદ, તા.શહેરા, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી કોલેજ બંધ કરવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી. એન. સુહાગીયા, (૨) ડૉ. આર. કે. ગોયલ, (૩) ડૉ. એમ. ટી. છાબરીયા, (૪) પ્રિ. ડૉ. બી. સી. જોશી.

૨(૬૨). સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી, વાસદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી. વી. પટેલ, (૨) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૩) ડૉ. સવિતા ગાંધી, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૬૩). કલોલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, મુ.કલોલ, જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી.વી. પટેલ, (૨) પ્રિ. બી.સી. જોશી, (૩) ડૉ. એમ.વી. રાવ, (૪) ડૉ. વાય. ટી. જશરાય.

૨(૬૪). આકાશ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "આકાશ અધ્યાપન મંદિર" (બી.એડ્. કોલેજ), ગોતા ક્રોસ રોડ, ઓગણજ, એસ.જી.હાઈવે, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી નવું જોડાણ એસ.એન.ડી.ટી.યુનિ.માંથી તબદિલ કરવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. બી. વી. પટેલ, (૩) ડૉ. એચ. સી. સરદાર, (૪) પ્રિ. ડૉ. બી. સી. જોષી.

૨(૬૫). શ્રી લોદરા કેળવણી મંડળ સંચાલિત બી.એડ્. કોલેજનું નવું નામાભિધાન "શ્રીમતિ સંતોકબેન શાંતિલાલ મોહનલાલ પટેલ બી.એડ્. કોલેજ", મુ.લોદરા કરવા માટે (શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી) આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૨) પ્રિ. હરજીતસીંગ શીખ, (૩) પ્રિ. એસ. કે. મનસુરી, (૪) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ.

૨(૬૬). શ્રી મુક્તજીવન સ્વામિબાપા આર્ટસ કોલેજ, વાઘજીપુરા, તા.શહેરા, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. કે. જે. પટેલ, (૨) પ્રિ. મહિપતસિંહ ચાવડા, (૩) પ્રિ. હરજીતસીંગ શીખ, (૪) પ્રિ. એચ. કે. મનસુરી.

૨(૬૭). શ્રી બાલાજી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન કોલેજ "સત્યમ", ઝેનીથ ટીન સામે, છાણી રોડ, વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૭-૦૮ સુધીનું જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૨) પ્રો. રમેશભાઈ ચૌધરી, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) ડૉ. સતિશભાઈ શુક્લ.

૨(૬૮). સંસ્કૃતિ સુરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ધર્મજ ડિગ્રી ફાર્મસી કોલેજ, મુ.ધર્મજની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. રંજના હરીશ, (૩) ડૉ. શોભના મેનન, (૪) ડૉ. સોનલબેન પંડ્યા.

૨(૬૯). ગર્વનમેન્ટ એન્જી. કોલેજ, ઝાલોદ રોડ, દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડૉ. જે. વી. દવે, (૨) પ્રો. એમ. એચ. લુંગરીયા, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) શ્રી મનિષભાઈ એમ. દોશી.

૨(૭૦). ઈંદુસ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી એન્ડ એન્જી., મુ.રાંચરડા, વાયા થલતેજ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. યુ. સી. પાંડે, (૨) ડૉ. એમ. વી. રાવ, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) ડૉ. વાય. ટી. જશરાય.

૨(૭૧). શ્રી મેઘાણી પરિવાર એન્ડ શ્રી ભાઈલાલ એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, ઉમિયા કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭થી પ્રથમ વર્ષ બી.એ.માં પ્રથમ ગૌણ તથા દ્વિતીય ગૌણ વિષય તરીકે કોમ્પ્યુટર જોડાણ અંગે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. સવિતાબેન ગાંધી, (૨) ડૉ. (શ્રીમતિ) જ્યોતિ એસ. પરીક, (૩) ડૉ. વાય. ટી. જશરાય, (૪) ડૉ. એન. કે. જૈન.

૨(૭૨). દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત જે. એન્ડ આર. કોલેજ એજ્યુકેશન, દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૨) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી, (૩) ડૉ. સતિશભાઈ શુક્લ, (૪) પ્રિ. ડૉ. એ. જી. કાછીઆ.

૨(૭૩). સરકારી બી.એડ્. કોલેજ, નસવાડી, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૨) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૩) ડૉ. સતિશભાઈ શુક્લ, (૪) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી.

૨(૭૪). સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટી. ઑફ ટેકનોલોજી (MCA) વાસદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. બી. વી. પટેલ, (૨) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૩) ડૉ. સવિતા ગાંધી, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૭૫). સીગ્મા ઈન્સ્ટી. ઓફ ફિઝીયોથેરાપી, બાકરોલ, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. દિલીપભાઈ પટેલ, (૨) ડૉ. નિતાબેન વ્યાસ, (૩) ડૉ. જી. વી. શાહ, (૪) ડૉ. બિપીનભાઈ પટેલ.

૨(૭૬). ધી અખિલ અંજના કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત "ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટી." સેકટર-૭, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. સવિતા ગાંધી, (૩) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૪) ડૉ. શોભના મેનન.

૨(૭૭). સીગ્મા ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુ.બાકરોલ, આજવા-નિમેટા રોડ, માધવનગર સોસાયટી સામે, વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૨) ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, (૩) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૪) ડૉ. ચિન્નમ રેડ્ડી.

૨(૭૮). સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નસવાડી, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રો. અજયભાઈ સોની, (૨) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ, (૩) પ્રિ. હરજીતસીંગ શીખ, (૪) પ્રિ. એસ. કે. મનસુરી.

૨(૭૯). સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી (આર્કિટેકચર) વાસદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. બી. વી. પટેલ, (૨) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૩) ડૉ. સવિતા ગાંધી, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૮૦). તા.૧/૧/૨૦૦૭ થી મોંઘવારી ભથ્થાના ૬% લેખે (મૂળપગાર + મોંઘવારી પગારના ૩૫%) દર વધાર્યા અંગેનો રાજ્ય-સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૦૭-જીઓઆઈ-૦૬-ચ, તા.૧૬, એપ્રિલ-૨૦૦૭ના ઠરાવનો સ્વીકાર કરી તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને માટે અમલ કર્યાનું.

૨(૮૧). રાજ્ય-સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૨/૪/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : નનમ/૧૦૦૪/૧૦૩૮/ઓ.૩૫૪(૦૭)ઝ, મુજબ યુનિવર્સિટીના રૂા.૮૩૦૦/- સુધીનો મુળ પગાર ધરાવતા કર્મચારીઓને વર્ષ ૨૦૦૭-૦૮ માટે રૂા.૨૫૦૦.૦૦ (અંકે બે હજાર પાંચસો પૂરા)ની મહત્તમ મર્યાદામાં અનાજ લોન મંજુર કરવાના ઠરાવનો સ્વીકાર કર્યાનું અને તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપ્યાનું.

૨(૮૨). યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને અગિયારમા પ્લાનની ગુજરાત યુનિવર્સિટીની જરૂરિયાત મુજબની વિગતો યુ.જી.સી.એ માંગેલ પ્રફોર્મામાં દરખાસ્ત તૈયાર કરીને યુ.જી.સી.ને મોકલવા બાબત. (નોંધ :- અગિયારમા પ્લાનની ગુજરાત યુનિવર્સિટીની જરૂરિયાત મુજબની દરખાસ્ત તૈયાર કરવા અંગે માન.કુલપતિશ્રીએ નીચે મુજબના સભ્યોની કમિટિ બનાવેલ છે. (૧) ડૉ. બી. વી. પટેલ - માઈક્રો. વિભાગ, (૨) ડૉ. એસ. કે. મેનન - કેમેસ્ટ્રી વિભાગ, (૩) ડૉ. વાય. ટી. જશરાય - બોટની વિભાગ, (૪) ડૉ. વી. ચારી - કોમર્સભવન, (૫) ડૉ. એચ. સી. સરદાર - કોમર્સભવન.

૨(૮૩). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેમના તા.૨૬/૪/૨૦૦૭ના પત્ર ક્રમાંક - એફ-૬૩-૧/૨૦૦૩ (એસયુ.આઈ.)થી દસમી યોજના હેઠળની બિલ્ડીંગ ગ્રાન્ટની સમયમર્યાદા તા.૩૧/૩/૨૦૦૯ સુધી લંબાવેલ છે તેમજ 'Faculty Position' સિવાયની અન્ય ગ્રાન્ટના વપરાશ અંગેની

સમયમર્યાદા તા.૩૦/૯/૦૭ સુધી લંબાવેલ છે જેની સવિનય નોંધ લેવા બાબત.

| | |
|---|---|
| Building Projection | ૩૧/૩/૨૦૦૯ |
| One time Grant | ૩૦/૯/૨૦૦૭ |
| Reapropiation From Staff the books & journals requirement | ૩૦/૯/૨૦૦૭ |

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૨(૧) થી ૨(૮૩) સુધીના કાર્યોની નોંધ લેવી.**

બા.ક્ર.૩. MPE ભાગ : ૧-૨ વર્ષ ૨૦૦૪-૦૫ના વિદ્યાર્થી ચૌધરી જયેશકુમાર એમ., બેઠક નં.૩ની અરજીના સંદર્ભમાં માન.કુલપતિશ્રીએ નિમેલ કમિટીએ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવા અંગે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(નોંધ:- સદરહુ ભલામણો પરિશિષ્ટ- ૧ તરીકે સામેલ છે)**

**નોંધ.:** ૧) સદર વિદ્યાર્થીનું ભાગ-૧નું પરિણામ પૂન:મૂલ્યાંકન કરાવતા નાપાસ જાહેર થયેલ જે દરમ્યાન વિદ્યાર્થીએ ભાગ-૧ની માર્કશીટના આધારે ભાગ-૨નું ફોર્મ ભરી પરીક્ષા આપેલ હતી જેનું પરિણામ પાસ જાહેર થયેલ.

૨) વિદ્યાર્થીએ ભાગ-૧ની પરીક્ષાની માર્કશીટ જમા ન કરાવતા પરીક્ષા શુધ્ધિ સમિતિએ વિદ્યાર્થીએ F + ૨ની સજા કરેલ હતી.

૩) વિદ્યાર્થીએ તેને થયેલ F + ૨ની સજા અંગે પૂન: વિચારણા કરવા અરજી આપેલ છે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કમીટીએ કરેલ ભલામણનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૪. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં ફરજ બજાવતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરા થતાં તેમને કાયમી કરવા બાબત. (ખાનંગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજુ કરવામાં આવશે.)

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નિમણૂંક તારીખ | અજમાયશી સમય પૂરો થયા તારીખ | કાયમી કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સ્નેહલ ડી. દવે | યુનિ. એન્જિનીયર | ૨-૧-૦૬ | ૧-૧-૦૭ | ૨-૧-૦૭ |
| ૨. | શ્રી વિશાલ એન. પંચોલી | ડેપ્યુટી એન્જીનીયર (સિવીલ) | ૧૬-૧-૦૬ | ૧૫-૧-૦૭ | ૧૬-૧-૦૭ |

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બંને કર્મચારીઓનો ખાનગી અહેવાલ સ્વીકારવો અને તદ્અનુસાર શ્રી સ્નેહલ ડી.**

**દવે, યુનિવર્સિટી એન્જીનીયર અને શ્રી વિશાલ એન. પંચોલી, ડેપ્યુટી એન્જીનીયર (સિવીલ)ને અનુક્રમે તા.૨-૧-૦૭ અને ૧૬-૧-૦૭થી કાયમ કરવાનું રાખવું.**

બા.ક.૫. શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી નવી કોલેજો શરૂ કરવા વિવિધ સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા તા.૧૩/૪/૦૭ના રોજ મળેલ "નીડ સમિતિ"ની સભાની નોંધ (મિનીટ્સ) પર વિચારણા કરવા અંગે.

**(નોંધ :- નીડ સમિતિની તા.૧૩/૪/૦૭ની સભાની નોંધ આ સાથે પરિશિષ્ટ-૨ તરીકે સામેલ છે)**

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે નીડ સમિતિની ઉપરોક્ત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક.૬. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ફરજ બજાવતા શ્રી કે. એમ. ભટ્ટની રીડર તરીકે કાર્યાલયના પત્રાંક એકા./૧/૭૬૪૬/ તા.૭/૧૦/૯૭થી સ્પે. સીવિલ એપ્લીકેશન નંબર ૬૧૬૯/૧૯૯૭ના ચુકાદાને આધીન એડહોક નિમણૂંક કરવામાં આવેલ. સદરહુ પીટીશનને તા. ૨૦-૧૨-૨૦૦૬ના કોર્ટના આદેશથી કાઢી નાખવામાં આવેલ હોઈ હવે તેમને રીડર તરીકે કાયમી નિમણૂંકપત્ર આપવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત આદેશથી સદરહુ અરજીનો નિકાલ થયો હોવાથી સમાજવિદ્યા ભવનના શ્રી કે.એમ.ભટ્ટને રીડરની જગ્યાનો કાયમી નિમણૂંક પત્ર આપવાનું રાખવું.**

બા.ક.૭. પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી લીલાણી જીતેન્દ્ર સી. ની નિમણૂંક તા.૪/૪/૦૬ના રોજ કરવામાં આવેલ હતી. તેઓનો અજમાયશી સમય તા.૩/૪/૦૭ના રોજ પૂરો થતા તેઓને કાયમી કરવા અંગેની બાબત વિચારણા માટે. (ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ખાનગી અહેવાલ સ્વીકારવો અને તદ્અનુસાર શ્રી લીલાણી જીતેન્દ્ર સી.ને પરીક્ષા નિયામકની જગ્યા પર તા. ૪-૪-૦૬થી કાયમ કરવાનું રાખવું.**

બા.ક.૮. દાતાશ્રી ડૉ. ગિરા ચંદ્રકાંત વોરા, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી એમ.એડ્. પરીક્ષા માટે "માતુશ્રી મંજુલાબહેન ચંદ્રકાન્ત વોરા ચંદ્રક" એનાયત કરવા મળેલ પ્રદાન (રસીદ નં.૧૦૧/તા.૭/૪/૦૭, ચેક નં.૨૦૧૦૫૨/તા.૨/૩/૦૭ B.O.I.)નીચે મુજબની શરતોને આધિન સ્વીકારવા વિચારણા કરવા બાબત :-

**: શરતો :**

(૧) "માતુશ્રી મંજુલા ચંદ્રકાન્ત વોરા ચંદ્રક" આ યુનિવર્સિટીની એમ.એડ્. પરીક્ષામાં પ્રથમ આવનાર મહિલા ઉમેદવારને આપવાનો રહેશે. એમ.એડ્. પરીક્ષામાં જ્યારે એક કરતા વધુ મહિલાઓના ગુણ સરખા આવેતો તે વખતે માત્ર સંશોધન (લઘુનિબંધ)ના ગુણને ધ્યાનમાં લઈ પ્રથમ આવનાર મહિલા તાલીમાર્થીને આ ચંદ્રક એનાયત કરવાનો રહેશે.

(૨) ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજ. યુનિ.ની એકિઝીક્યુટીવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

(૩) ચંદ્રક વિજેતાનું નામ શક્ય હશે ત્યા સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે તથા તે શક્ય હશે ત્યા સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે.

(૪) ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

(૫) આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિ.ના જનરલ ફંડ ખાતે જમા લેવામાં આવશે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ક્ષ્માતૃશ્રી મંજુલાબેન ચંદ્રકાન્ત વોરા ચંદ્રક એનાયત કરવા મળેલ પ્રદાશો ઉપરોક્ત શરતોને આધિન સ્વીકાર કરવો.**

બા.ક્ર.૯. તા.૪/૫/૨૦૦૭ના રોજ મળેલ નીડ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ:- સદરહુ ભલામણો પરિશિષ્ટ-૩ તરીકે સામેલ છે)**

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે નીડ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૧૦. તા.૫/૫/૨૦૦૭ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહીની નોંધ પર વિચારણા કરવા બાબત.

**(નોંધ:- સદરહુ ભલામણો પરિશિષ્ટ-૪ તરીકે સામેલ છે)**

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

**ઉપરોક્ત સભાની કાર્યવાહી દરમ્યાન નીચેના ઠરાવો કરવામાં આવ્યા હતાં.**

૧. અત્યારસુધી ફાજલ પડેલા જે શિક્ષકોને યુનિવર્સિટીમાં સમાવવામાં આવ્યા છે તે અંગે લંબાણપૂર્વકની ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે હવેથી નવા

ફાજલ શિક્ષકોને સમાવવાની બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મુકવાનું રાખવું.

૨. S.N.D.T. યુનિવર્સિટીમાંથી જોડાણ રદ કરાવી ગુજરાત યુનિવર્સિટીમાં જોડાવા માંગતી B.Ed. કોલેજો પાસેથી ૩ લાખ રૂપિયા ડેવલપમેન્ટ ફંડ તરીકે લેવાનું રાખવું.

૩. વિષય પ્રમાણે Ph.D.Guide નીમવાની સત્તા કુલપતિશ્રીને આપવી. Ph.D. Guideને ૬૨ વર્ષ થયા હોય તો પણ તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતાં વિદ્યાર્થીઓનું કામ પૂરું થાય નહીં ત્યાં સુધી તેઓને ગાઈડ તરીકે ચાલું રાખવા.

૪. વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતાં દંડની રકમ નક્કી કરવા માટેના નિયમો ઘડવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોની કમિટી નિયુકત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫. નવી કોલેજોની એપ્લીકેશન વખતે મકાનનો ભાડા કરાર ૩૦ વર્ષના અથવા ૩૦ વર્ષના ભાડાપટ્ટે રીન્યુ થાય તે પ્રમાણે હોવો જોઇએ. જે તે મકાન વપરાશ માટે યોગ્ય છે તેવું કોર્પોરેશન/પંચાયતનું સર્ટીફીકેટ સંસ્થા પાસેથી લેવાનું રાખવું.

૬. કોલેજ જોડાણના સંદર્ભે કોલેજની મુલાકાતે જતી Local Inquiry Commiitteeની મુલાકાતની જાણ હવેથી સંસ્થાને અગાઉથી કરવાનું રાખવું નહીં.

૭. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને અગિયારમી પંચવર્ષીય યોજના હેઠળ મોકલવાની થતી દરખાસ્ત તૈયાર કરીને તે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને મોકલી આપવાની કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૮. ડૉ.પી.પી.પ્રજાપતિએ RTIના કાયદા હેઠળ માંગેલ માહિતી અંગે ચર્ચાવિચારણા એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં થઇ હતી અને તેના જવાબ અંગે વકીલશ્રીની સલાહ લેવાનું ઠરાવવામાં આવ્યું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે RTI Act હેઠળ આવતી અરજીઓની સંખ્યા ખૂબ વધી હોવાથી તેના નિકાલ માટે સેલ બનાવવાનું રાખવું અને તે માટે Law Officer ની નિમણૂંક તથા હેડક્લાર્ક અને એક સિનિયર ક્લાર્ક નિમવાનું રાખવું. આ સેલ માટે રાજ્ય સરકારમાં દરખાસ્ત કરવી અને જ્યાં સુધી સરકારશ્રીની મંજૂરી ના આવે ત્યાં સુધી તેનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયું હતું.

Himanshu Shah
**કા.કુલસચિવ**

નં: એકેડેમિક/60836/૨૦૦૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા. /27/07/૨૦૦૭

ભાગ - ૭
પરિશિષ્ટ - ૨

ચૌધરી જગદીશભાઈ
મહાદેવ સોસાયટી
કિશ્નાનગર
ગાંધીનગર.
તા 3-2-07

પ્રતિશ્રી.
પરીક્ષા નિયામકશ્રી
ગુજરાત યુનિવર્સિટી

બાબત:- MPEd પાર્ટ 1. ગણી પાર્ટ 2. ના રીઝલ્ટ બાબત

માનનીય સાહેબશ્રી. આપશ્રીને સાદર જણાવવાનું કે. મેં વર્ષ 2004-05 માં MPEd પાર્ટ 2 ની પરીક્ષા ફોર્મ માં મારે વર્ષ 2003-04 ના MPEd પાર્ટ 1 ની રીએસેસમેન્ટ કરાવેલું હતું તેમાં હું ~~પાસ~~ હું પાસ થતો ફોર્મ ભરતી વખતે તે માર્કશીટ. ને યુનિવર્સિટી માં પાસ જાહેર કરાયા નહતી અને તેને MPEd પાર્ટ 2 ના પાસની માર્કશીટ માં ~~...~~ છેડી કરી તેથી મારી ભૂલ થઈ ગઈ હતી તો માફ કરવા વિનંતી. અને આ ભૂલને ધ્યાનમાં લઈ મારા ભવિષ્યને ધ્યાનમાં રાખી માફ કરવા વિનંતી. ~~મને~~ આપ રોજ કમીટી આગળ મને સાંભળો તો આપનો આભાર.

આપનો વિશ્વાસુ
J. ભાઈચંદભાઈ ચૌધરી

આજ રોજ વિદ્યાર્થીએ નીચેની સમિતિ સમક્ષ કેસની વિગતો રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીને પોતાની વાત રજૂ કરવાની તક આપી હતી. ઉપર મુજબની રજૂઆત વિદ્યાર્થીએ કરી હતી. એણે પોતાની ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યનો વિચાર કરવા વિનંતી કરી હતી. સમિતિને એમ લાગ્યું છે કે વિદ્યાર્થીએ 2004-2005 સુધી પરીક્ષા આપવા છતાં પરિણામ મળેલ નથી એટલે લગભગ ભૂલની સજા મળી ગઈ એમ કહેવાય. વિદ્યાર્થીની રજૂઆત અને એના ભવિષ્યને ધ્યાને લેતાં તેમજ સમગ્ર પરિસ્થિતિને ધ્યાને લેતાં એનું પરિણામ જાહેર કરવું જોઈએ.

3/2/07  3/2/06  3/2/06

# ગુજરાત યુનિવર્સિટી

જાહેરનામા નં./ ૮૯૩ /૨૦૦૬

આથી જાહેર કરવામાં આવે છે કે, **માર્ચ ૨૦૦૪** માં લેવાયેલ આ યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીએ ગેરવ્યાજબી ઈલાજો અજમાવ્યા હોવાથી તે પરીક્ષામાં તેમણે ફક્ત યુનિવર્સિટી પરીક્ષામાં મેળવેલ ગુણ રદ કરી તેમને નાપાસ જાહેર કરી તેમનાં નામ સામે જણાવેલ મુદત સુધી તેમને આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં અને અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મનાઈ ફરમાવવામાં આવે છે. તેમજ હવે આ વિદ્યાર્થીઓ માર્ચ/એપ્રિલ - ૨૦૦૭ માં લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષામાં તેમને લાગુ પડતી પરીક્ષાનું આવેદનપત્ર ભરીને તેમની કોલેજના આચાર્યશ્રી મારફતે જે તે પરીક્ષા માટે પરીક્ષાનું આવેદનપત્ર ભરવા માટે નક્કી થયેલ તારીખ સુધીમાં આ યુનિવર્સિટી કાર્યાલયમાં સમયસર મોકલીને પરીક્ષામાં બેસી શકશે અને આ અંગે વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર ક્યારે ભરવું તે માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.

## એમ.પી.ઈ. ૧ અને ૨

| કેસ નં. | વિદ્યાર્થીનું નામ | પરીક્ષાનો બેઠક નંબર | કોલેજનું નામ | ડિબાર (સજા)ની મુદત |
|---|---|---|---|---|
| ૫૭ | ચૌધરી જયેશભાઈ મધુભાઈ | ૪૨ | ડી.પી.ઈ. | બે પરીક્ષા |

નં. પરીક્ષા/૧/અ/૪૮૯૦/૨૦૦૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તારીખ:૦૩/૦૮/ ૨૦૦૬

(ડો. એ. વી. ભાંડારી)
કુલસચિવ

<u>નકલ રવાના:-</u>

૧) લાગતાવળગતા વિદ્યાર્થી તરફ જાણ સારૂ તેમજ વિદ્યાર્થીઓએ પરીક્ષાનું આવેદનપ ક્યારે ભરવું તેની સમજ માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાની સૂચના સાથે.
૨) ગુજરાત રાજ્યની યુનિ.ઓના કુલસચિવશ્રીઓ તરફ..
૩) આ યુનિ. સાથે જોડાયેલી એમ.પી.ઈ. વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તર તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ.
૪) એસ. ઓ. પરીક્ષા - ૧, ૨, ૩ અને ૪.
૫) પી.પી.સી. એમ. એસ. ક્લાર્ક.
૬) જાહેરનામા સંગ્રાહક, પરીક્ષા વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯.
૭) સંબંધિત ક્લાર્કશ્રી, પરીક્ષા વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯.

ઈ.સી. તા. ૫-૫-૦૭
બા.ક્ર. ૫
(પરિશિષ્ટ-૨)

# ગુજરાત યુનિવર્સિટી

**મિનિટસ :-**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ થી જુદા જુદા અભ્યાસક્રમો શરૂ કરવા વિવિધ સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા "નીડ સમિતિ"ની સભા તા.૧૩/૪/૨૦૦૭ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં માન.કુલપતિશ્રીના પ્રમુખ સ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧ | માન. કુલપતિશ્રી | હાજર |
| ૨ | માન. કા. કુલસચિવશ્રી | હાજર |
| ૩ | પ્રિ. ડો એમ.એન.પટેલ | હાજર |
| ૪ | શ્રી જે.જે.પટેલ | ગેરહાજર |
| ૫ | શ્રી મનીષભાઇ એમ. દોશી | ગેરહાજર |
| ૬ | શ્રી પંકજભાઈ શુકલ | હાજર |
| ૭ | ડો. ડી.જી.પટેલ | હાજર |
| ૮ | ડો. સરલાબેન અચ્યુતન | હાજર |
| ૯ | ડો. સવિતાબેન ગાંધી | હાજર |

સૌપ્રથમ માન. કુલપતિશ્રી સાહેબે સૌ સભ્યોને આવકાર્યા હતાં અને ગત શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૨૦૦૭ની "નીડ સમિતિ"ની મિનિટસ વાંચી સંભળાવી હતી. ત્યારબાદ E.C. ની તારીખ:૨૦/૮/૨૦૦૬ ના બા. ક:૧૮(૧) વાંચી સંભળાવી હતી. E.C. ની તા:૩૦/૮/૨૦૦૩ ના ઠરાવ નં: ૫૭(૫) અ વાંચી સભળાવ્યો હતો અને તે મુજબ શૈક્ષ. વર્ષ ૨૦૦૭-૦૮ માટેની નવી કોલેજનાં જોડાણ માટે નીડ ની કાર્યવાહી કરવાનું સ્વીકારવામાં આવ્યું

ચર્ચા વિચારણાને અંતે ઉચ્ચ શિક્ષણની સમકાલીન માંગણીઓ અને વિવિધ અભ્યાસક્રમોનાં પ્રસ્તાવોને ધ્યાનમાં લેવા નીચે મુજબનાં મહત્વના નીતિવિષયક નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા.

(૧) ઉચ્ચ કાઉન્સિલ સાથે જે સંસ્થાઓએ અરજી કરી છે, તેને N.O.C. આપવાનું રાખવું. ઉચ્ચ કાઉન્સિલની મંજૂરી આવ્યેથી જોડાણ બાબતે આગળની કાર્યવાહી કરવાનું નકકી થયું.

(૨) એમ.એડ/બી.એડ ની નવી કોલેજો કે જેમાં એન.સી.ટી.ઈ.ની મંજૂરી મળી છે તેવી કોલેજોના કિસ્સામાં એકેડેમિકના નોર્મ્સમાં કોઈ છુટછાટ આપવી નહીં, અને સ્ટાફ પ્રોફાઈલ (વહીવટી અને શૈક્ષણિક સ્ટાફ) મંગાવવાનું રાખવું. બી.એડમાં ૧૦૦ સીટો માટે ૭ અધ્યાપક અને ૧ આચાર્યશ્રી કુલ આઠ સ્ટાફ હોવો જોઈએ, જયાં આઠની જગ્યાએ સાતની સંખ્યા હોય ત્યાં ૧૦૦ સીટમાંથી ૧૨ સીટો રદ કરવાનું અને તે મુજબ જેટલો ઓછો શૈક્ષ. સ્ટાફ હોય તે પ્રમાણે સીટો ફાળવવાનું રાખવું તેવું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું. બી.એડમાં વહીવટી ખર્ચ અને ડેવલપમેન્ટ ફંડ રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રુપીયા એક લાખ પુરા) દર વર્ષે ખર્ચ અને વિકાસ પેટે લેવાનું રાખવું.

(૩) કોઈપણ વિદ્યાશાખામાં અરજી કરનાર સંસ્થા માટે ચર્ચા વિચારણાને અંતે સંસ્થાનું પોતાની માલિકીનું મકાન હોય તેવી સંસ્થાની જ અરજી અન્વયે જોડાણ સંબંધે સ્થાનિક તપાસ સમિતિ નીમવાની તથા યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) કોમર્સ કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ માટે કોઈ નવું જોડાણ આપવું નહીં અને જે સંસ્થાએ અરજી કરી છે તેમને જોડાણ ફીના રૂા.૨૫,૦૦૦/- પરત કરવાનું રાખવું.

(૫) જયાં હાયર કાઉન્સિલ લાગું પડે છે. તેવી સંસ્થાઓ જેવી કે, નર્સિંગ, બી.એડ, એમ.એડ, એન્જીનીયરીંગ, ફામર્સી, એમ.બી.એ. વિગેરે ની આવેલ અરજીઓ માન્ય રાખવાનું અને હાયર કાઉન્સિલની માન્યતા આવ્યા બાદ સ્થાનિક તપાસ સમિતિ નીમીને જોડાણ સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું નકકી થયું.

(૬) બી.સી.એ. અભ્યાસક્રમમાં નવી કોલેજ માટે આવેલ અરજીઓ માટે વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે અમદાવાદના અલ્પ વિકસીત વિસ્તાર તેમજ શૈક્ષણિક રીતે અલ્પ વિકસીત વિસ્તારમાં નવી કોલેજો આપવા વિચારવું અને ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ વર્ષે જોડાણ સંબંધી કાર્યવાહી કરવા વિચારવું.

(૭) એમ.એસસી. -આઈ.ટી. માટે આવેલ અરજી પર ચર્ચા વિચારણા કરી ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ સિવાય પી.જી.કોર્સ બહાર ન આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૮) કે.કા.શાસ્ત્રી ટ્રસ્ટની સરકારી કોલેજ માટે આવેલ દરેક અરજી માન્ય રાખી જોડાણ સંબંધી કાર્યવાહી કરવાનું રાખવું.

(૯) બી.બી.એ. માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવામાં આવી અને ચર્ચા વિચારણાને અંતે બી.બી.એ. માટે હાલ પૂરતું અમદાવાદના અલ્પ વિકસીત વિસ્તાર, શૈક્ષણિક રીતે અલ્પ વિકસીત વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જોડાણ આપવા વિચારવું અને આ અંગે સ્થાનિક તપાસ સમિતિ નીમીને જોડાણ સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૦) આર્ટસ કોલેજમાં ચર્ચા વિચારણાને અંતે હાલ પૂરતું અમદાવાદના અલ્પ વિકસીત વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર તેમજ શૈક્ષણિક રીતે અલ્પ વિકસીત વિસ્તારમાં જોડાણ અંગે વિચારવું તેમજ સ્થાનિક તપાસ સમિતિ નીમવાની સત્તા અને તે સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૧) સાયન્સ ફેકલ્ટીમાં ચર્ચા વિચારણાને અંતે બાયોટેકનોલોજી કોર્સને ઉત્તેજન આપવા માટે જે સંસ્થા પાસે આ કોર્સ શરુ કરવા માટે અલાયદું મકાન હોય, તેવી સંસ્થાના જોડાણ અંગે વિચારવું તેમજ સ્થાનિક તપાસ સમિતિ નીમવાની અને જોડાણ સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૨) જો કોઈ એક ટ્રસ્ટે એક કરતાં વધુ કોલેજ માટે અરજી કરેલ હોય તેકિસ્સામાં માત્ર એક જ કોલેજ માટેની અરજી વિચારણામાં લેવી તેવું ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

અંતમાં સર્વાનુમતે એવું ઠરાવવામાં આવ્યું કે, આ અંગે યુનિ. ધ્વારા વર્તમાનપત્રોમાં નવી કોલેજ શરુ કરવા સંબંધી જાહેરાત આપવી, ત્યારબાદ એજન્ડા પરનું કામકાજ પૂરું થતાં સભા પૂર્ણ થઈ.

E. C. ૫-૫
બાબત-૯
(પરિશિષ્ટ-૩)

# ગુજરાત યુનિવર્સિટી

**મિનિટસ :-**

વિષય : નીડ સમિતીની સભા અંગે...

નીડ સમિતીની એક સભા તા.૪/૫/૨૦૦૭ના રોજ સાંજે ૫-૦૦ ક્લાકે યુનિવર્સિટી કાર્યાલયમાં માન.કુલપતિશ્રીના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧ | માન. કુલપતિશ્રી | હાજર |
| ૨ | માન. કુલસચિવશ્રી | હાજર |
| ૩ | શ્રી નરહરીભાઈ એચ. અમીન | ગેરહાજર |
| ૪ | શ્રી સુધીરભાઈ નાણાવટી | હાજર |
| ૫ | પ્રિ. ડૉ. એમ. એન. પટેલ | હાજર |
| ૬ | શ્રી જે. જે. પટેલ | ગેરહાજર |
| ૭ | શ્રી મનિષભાઈ એમ. દોશી | હાજર |
| ૮ | શ્રી પંકજભાઈ શુક્લ | હાજર |
| ૯ | ડૉ. ડી. જી. પટેલ | હાજર |
| ૧૦ | ડૉ. સરલાબેન અચ્યુત્તન | હાજર |
| ૧૧ | ડૉ. સવિતાબેન ગાંધી | હાજર |

**કામકાજની યાદી**

(૧) જૂન-૨૦૦૭-૦૮થી નવી આર્ટસ/સાયન્સ/બીબીએ/બીસીએ કોલેજો શરૂ કરવા માટે તા.૧૭/૪/૦૭ના રોજ ત્રણ વર્તમાનપત્રોમાં જાહેરાત આપી હતી. તે સંદર્ભે જુદા જુદા ટ્રસ્ટો તરફથી જુદી જુદી વિદ્યાશાખાની કોલેજો ચાલુ કરવા માટે આવેલી અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત. :

ઠરાવ : આજે ઉપસ્થિત તમામ સભ્યોએ સર્વાનુમતે ઠરાવ્યુ કે, રાજ્ય સરકારશ્રી દ્વારા જે નવી કોલેજો શરૂ કરવા અરજીઓ આવી છે તેને અલગ ધારાધોરણથી તપાસવી જોઈએ. અને તે પ્રમાણે તપાસતા Need Establish થાય છે. આથી આગાળની કાર્યવાહી માટે કુલપતિશ્રીને વિનંતી કરવામાં આવે છે કે જૂન-૨૦૦૭ના વર્ષથી સરકારશ્રી દ્વારા માંગવામાં આવેલ કોલેજો શરૂ થઈ શકે તે માટે જરૂરી દરખાસ્ત આગામી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તેમજ અન્ય જરૂરી સત્તામંડળ સમક્ષ રજૂ કરવી.

બીજી સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓની સંખ્યા ઘણી વધારે એટલે કે ૧૩૩ અરજીઓ (૨૩ + ૧૧૦) છે. આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત અરજીઓની ચકાસણી જાહેરાતમાં દર્શાવેલ શરતો તપાસી જરૂરી નોંધ સાથે આગામી નીડ સમિતિ સમક્ષ રજૂ કરવી.

ત્યારબાદ સભાનુ કામકાજ પૂરૂ થયેલું જાહેર કરવામાં આવ્યું.

તા.૪/૫/૨૦૦૭

કા.કુલસચિવશ્રી

બાબત નંબર: ૫

પરિશિષ્ટ. ૪ ગુજરાત યુનિવર્સિટી

૯૮/૬|૬|૨૦૦૭

નં. એસ્ટેટ/બાંધકામ/ /૨૦૦૭

તા. -૫-૨૦૦૭

ગુજરાત યુનિવર્સિટી બાંધકામ સમિતિની એક સભા તા.૫-૫-૨૦૦૭ ના રોજ સવારે ૯-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. આ સભાનું પ્રમુખસ્થાન મા.કુલપતિશ્રી ડો. પરિમલ ત્રિવેદી સાહેબે સંભાળ્યું હતું. સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી:

| | | | |
|---|---|---|---|
| (૧) | મા. કુલપતિશ્રી | : | હાજર |
| (૨) | શ્રી નરહરીભાઈ અમીન | : | હાજર |
| (૩) | શ્રી સુધીરભાઈ નાણાંવટી | : | હાજર |
| (૪) | કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન | : | હાજર |
| | વિભાગ વતી શ્રી જી.કે.શાહ | : | હાજર |
| (૫) | શ્રી અજયભાઈ સોની | : | હાજર |
| (૬) | ડો. ડી. જી. પટેલ | : | હાજર |
| (૭) | પ્રિન્સિપાલશ્રી, એલ.ડી.એન્જી.કોલેજ વતી શ્રી કે.એમ. શાહ | : | હાજર |
| (૮) | ડો. મુકુલભાઈ શાહ | : | હાજર |
| (૯) | ડો. કેતનભાઈ દેસાઈ | : | ગેરહાજર |
| (૧૦) | કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી | : | હાજર |
| (૧૧) | યુનિવર્સિટી ઈજનેરશ્રી | : | હાજર |

બા.ક્ર.૧ તા. ૩/૦૨/૦૭ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

ઠ.ક્ર.૧ તા. ૩-૨-૨૦૦૭ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ વંચાણે લઈ, સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

બા.ક્ર.૨ ગુજ.યુનિ અંતર્ગત કરવાના થતા સિવિલ કામો માટે અગાઉ વર્તમાનપત્રોમાં જાહેરાત આપી પ્રિ.ક્વોલિફીકેશન માટેના મંગાવેલા ટેન્ડરો પૈકી આવેલ અરજીઓ પરથી મે. એલ.જે. પુરાણીની દ્વારા તૈયાર કરેલા તારણ પત્રક નં: LJP/A/NW/L-૧૫ તા. ૩૧/૦૩/૨૦૦૭ પરત્વે પચાસ લાખથી વધુના કામો માટે સિવિલ કોન્ટ્રાકટરોની પેનલ તૈયાર કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૨ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજ.યુનિ. કેમ્પસ પર પચાસ લાખથી ઉપરના નવા/રીપેરીંગના કામો માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપીને ભાવપત્રકો મંગાવવાનું રાખવું.

બા.ક્ર.૩ યુનિ ફા.પ્લોટ -૨૨, ટી.પી.-૩૧ હેઠળ નવા બનતા કન્વેન્શન સેન્ટરના બાંધકામ દરમ્યાન જી.એમ.ડી.સીના મકાન તરફ જતા રસ્તાની સમાંતરે જતો જી.એમ.ડી.સીના મકાનનો વિજપુરવઠો પૂરો પાડતો હાઇટેન્શન ઇલે,કેબલ શિફ્ટીંગ કરવા અંગે ટોરેન્ટ પાવર કંપનીનો પત્રક્માંક નં :-

BS/HT-૭૯૭/૮૧૪ તા:- ૧૪/૦૨/૦૭થી આવેલ એસ્ટીમેટ રૂ. ૨,૨૧,૧૦૦/- પરત્વે ચર્ચા વિચારણા કરવા અંગે

ઠ.ક્ર.૩ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ બાબત આગામી એકિઝક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મંજૂરી માટે મૂકવાનું રાખવું.

બા.ક્ર.૪ યુનિ.કેમ્પસ પર એમ.પી.એલ.એ.ડી. અંતર્ગત બાયોટેકનોલોજીના અભ્યાસ માટે નવા મકાન બાંધકામ અંગે આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણીની દ્વારા યુનિ.પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી મંગાવેલા અને આવેલા ભાવપત્રકો તેમજ તેના પરથી તૈયાર કરેલ તારણપત્રક નઃ LJP&A/BTS/L-૧ તા.૧૦/૦૪/૨૦૦૭ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૪ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિ. કેમ્પસ પર નવા બાયોટેકનોલોજી ભવનના બાંધકામ અંગે આવેલા ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. જે.સી. બિલ્ડર પાસેથી આવેલા આઈટમોના ભાવો તેમજ સર્વિસ ટેક્ષ અંગેની બાબતો પર ચર્ચા વિચારણા કરવા મા.કુલપતિ સમક્ષ બોલાવીને નક્કી કરવાનું રાખવું અને તે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

બા.ક્ર.૫ યુનિ.કેમ્પસ પરના EMRCના મકાનના રીપેરીંગ અંગે યુનિ.પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી નિયુક્ત કરેલ આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણીની દ્વારા મંગાવેલા ભાવપત્રકો તેમજ તેના પરથી તૈયાર કરેલ તારણપત્રક નઃLJP&A/NW/L-૧ તા.૧૯/૦૩/૨૦૦૭ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૫ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઈ.એમ.આર.સી.ના મકાનના રીપેરીંગ કામો માટે મંગાવેલા ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. સામવિત બિલ્ડકેર પ્રા.લિને કામ સોપવાનું રાખવું અને આ અંગેનો થનાર ખર્ચ રૂ. ૧૨,૭૫,૫૯૫/૫૦ (અંકે રૂ. બાર લાખ પંચોતેર હજાર પાંચસો પંચાણુ અને પચાસ પૈસા પૂરા) ખર્ચ મંજૂર કરવાનું રાખવું

બા.ક્ર.૬ ગુજરાત યુનિવર્સિટીમાં દસમી પંચવર્ષીય યોજના અન્વયે કરવાના થતા નવા બાંધકામો જેવાકે બી.કે.સ્કુલ સેમીનાર હોલ, સી.ડી.સી વિભાગ, સ્કુલ ઓફ કોમર્સ , લેડીઝ હોસ્ટેલ સી બ્લોકના આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણીની દ્વારા યુનિ.પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી મંગાવેલા અને આવેલા ભાવપત્રકો તેમજ તેના પરથી તૈયાર કરેલ તારણપત્રક નઃ LJP&A/BK/CDC/SOC/LD/L-૧ તા.૧૧/૦૪/૨૦૦૭ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૬ ઉક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે દસમી યોજના હેઠળના યુ.જી.સી. દ્વારા મંજૂર કરેલા કામો માટે આવેલા યુનિ. પેનલ ઉપરના કોન્ટ્રાકટરના ભાવપત્રકો જોતાં નીચે મુજબના કામોના, લોએસ્ટ કોન્ટ્રાકટરને આવેલા આઈટમોના ભાવો તેમજ સર્વિસ ટેક્ષ અંગેની બાબતો પર ચર્ચા વિચારણા કરવા મા.કુલપતિ સમક્ષ બોલાવીને નક્કી કરવાનું રાખવું અને તે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

| નં. | મકાનનું નામ | ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટરનું નામ |
|---|---|---|
| ૧ | બી.કે. સ્કૂલ સેમિનાર હોલ | મે. હેમંત કે. શાહ |
| ૨ | સ્કૂલ ઓફ કોમર્સ સેમિનાર હોલ | મે. હેમંત કે. શાહ |

| | | |
|---|---|---|
| ૩ | સીડીસી વિભાગ સેમિનાર હોલ | મે. હેમંત કે. શાહ |
| ૪ | લેડીઝ હોસ્ટેલ-સી બ્લોક | મે. સામવિત બિલ્ડકેર પ્રા.લિ. |

બા.ક.૭ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચે મુજબની બાબતો રજૂ કરવામાં આવી:

બા.ક.-૭(૧) યુનિ. કેમ્પસ પર યુનિ. ના મકાનમાં ચાલતાં ઈન્ફલીબનેટ સેન્ટરના પત્રક્રમાંક:ADIR/GEN.૦૨ GU/૨૦૦૭ તા. ૨૩-૪-૨૦૦૭ થી કરેલ મકાન રીપેરીંગની બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ-૭(૧) ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવ્યું કે ઈન્ફલીબનેટને ફાળવેલ મકાનોનાં જરૂરી રીપેરીંગ તેમજ વ્હાઈટ વોશ વગેરે કરાવવા તે અંગેનો અંદાજીત ખર્ચ વગેરે ત્વરિત તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બા.ક.૭(૨) યુનિ. ખાતે NAAC કમિટીની મુલાકાત દરમ્યાન યુનિ. સેનેટ હોલના રીપેરીંગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી ની જાણ અર્થે.

ઠરાવ-૭(૨) લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિ. સેનેટ હોલના રીપેરીંગ કામો અંગે આર્કીટેકટ મે. એલ.જે. પુરાણી દ્વારા યુનિ. પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી મંગાવેલા ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. સામવિત બિલ્ડકેર પ્રા.લિ. પાસેથી યુનિ. માં NAAC કમિટીની મુલકાત થનાર હોઈ ત્વરિત જરૂરી કામગીરી ચાલુ કરીને પૂર્ણ કરાવવામાં આવેલ હતી તો આ બાબત તેમજ તે અંગે બાકી કામગીરી અંગે થનાર ખર્ચ રૂ.૪૦,૭૯,૮૭૦/- (અંકે રૂ. ચાલીસ લાખ અગ્ન્યાએંશી હજાર આઠસો સીત્તેર પૂરા) મંજૂર કરવાનું રાખવું. વધુમાં આવેલા જરૂરી સિવિલ કામગીરીના ભાવો પૈકી ઉપરોકત કોન્ટ્રાકટરના ઓછા ભાવ રૂ. ૨૯,૧૭,૦૫૦/- (અંકે રૂ. ઓગણત્રીસ લાખ સત્તર હજાર પચાસ પૂરા) નો ખર્ચ પણ મંજૂર કર્યાની નોંધ લેવામાં આવી.

બા.ક.૭(૩) યુનિ. કેમ્પસ પર અગાઉની બાંધકામ સમિતિમાં નક્કી થયા મુજબ નવા લેડીઝ હોસ્ટેલ બ્લોકના બાંધકામ અંગે આર્કીટેકટ મે. એલ.જે. પુરાણી દ્વારા તૈયાર કરેલા પ્લાન, અંદાજો યુ.જી.સી.ની મંજૂરી માટે મોકલવા બાબત.

ઠરાવ-૭(૩) લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં અવે છે કે નવા લેડીઝ હોસ્ટેલ સી બ્લોકના બાંધકામ અંગે નિયુકત કરેલ આર્કીટેકટ મે. એલ.જે.પુરાણી દ્વારા તેઓના પત્રક્રમાંક: LJP&A/NW/L-૧૮ તા. ૩-૫-૦૭થી તૈયાર કરેલા પ્લાન, અંદાજો જરૂરી સહી-સિક્કા કરાવીને યુ.જી.સી., ન્યુ દિલ્હીને મોકલી આપવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયેલ હતું.

ઈ/ કુલસચિવ

Minutes- ૯૮ તા.૫/૫/૦૭

<u>ખાનગી</u>

## ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૫/૫/૨૦૦૭ના રોજ સવારે ૯-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૫/૦૫/૨૦૦૭ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. દેસાઇ કેતન ધીરજલાલ | ગેરહાજર |
| ૬. | ડૉ. જયેશ અમૃતલાલ ઠકકર | હાજર |
| ૭. | શ્રી મનીષ એમ. દોશી | હાજર |
| ૮. | ડો. રંજના એચ. દ્વિવેદી | હાજર |
| ૯. | ડો. શ્રીમતી આર.જી.ભટ્ટ | ગેરહાજર |
| ૧૦. | પ્રિ. ડો. ઘનશ્યામભાઇ નાનાભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૧. | પ્રિ. ડૉ. ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | હાજર |
| ૧૨. | પ્રો. શ્રીમતી એસ. આર. પંડયા | હાજર |
| ૧૩. | પ્રો.અજય નાનાલાલ સોની | હાજર |
| ૧૪. | પ્રો. મહેશ ચતુરભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૫. | પ્રો. રમેશભાઇ જોયતારામ ચૌધરી | હાજર |
| ૧૬. | શ્રી સુધીરભાઇ આઇ. નાણાવટી | હાજર |
| ૧૭. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૧૮. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૧૯. | ડો. ડી. જી. પટેલ | હાજર |
| ૨૦. | શ્રી પંકજ શુકલા | હાજર |
| ૨૧. | શ્રી. જે. જે. પટેલ | હાજર |
| ૨૨. | શ્રી ધર્મેશ બી. પંડયા | હાજર |

સભાની શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી માહિતી આપતા કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે આપ સૌના સાથ-સહકારથી આપણી, યુનિવર્સિટીએ National Accreditation Assessment Council દ્વારા કરવામાં આવેલ એક્રેડીટેશનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે અને ટૂંકા ગાળામાં યુનિવર્સિટીએ હાથ ધરેલ ભગીરથ કામગીરીના ફલસ્વરૂપે ૮૩.૧ નું સન્માનજનક ગ્રેડેશન પ્રાપ્ત કર્યું છે, આપણી યુનિવર્સિટી સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ રહી છે અને ભારતની જાણીતી અને મોટી યુનિવર્સિટીઓ કરતા પણ વધુ ગુણાંક

મેળવ્યા છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત છે અને તે બદલ આપ સૌનો હું આભારી છું.

ગુજરાત યુનિવર્સિટીએ મેળવેલ આ ગૌરવપૂર્ણ સિધ્ધિ બદલ સભ્યશ્રીઓએ કુલપતિશ્રીને અભિનંદન આપ્યા હતા.

બા.ક્ર.૧. તા.૧૩/૨/૨૦૦૭ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ : તા.૧૩/૨/૨૦૦૭નાં રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

**"બાબત ક્રમાંક : ૧૨ હેઠળના ઠરાવની ૪થી લીટીમાં '(એમ.એડ.સ્વનિર્ભર માટે)' લખેલ છે તેને બદલે સુધારીને '(એમ.એડ. ગ્રાન્ટ-ઇન-એઇડ માટે)' વાંચવું."**

બા.ક્ર.૨. **કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યો (જાણ સારૂ.)**

૨(૧). ૧. કે. એસ. સ્કૂલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટમાં ચાલતાં અભ્યાસક્રમ - (એમ.એસસી. (CASIT)માં નીચે દર્શાવેલ કર્મચારીઓના લેકચરર તરીકે ત્રણ વર્ષના ટેન્યોર પીરીયડ માટે નિમણૂંક કર્યાનું :

| | | | |
|---|---|---|---|
| ૧) | શૈલી મજમુદાર | ૪) | મૂકેશ પટેલ |
| ૨) | તેજસ શાહ | ૫) | હિતેષ પરમાર |
| ૩) | કલ્યાણી પટેલ | ૬) | કિંજલ પટેલ |

૨. કે. એસ. સ્કૂલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટની ૨૦૦૬-૦૭ના વર્ષની એડવાઈઝરી કમિટીની તા.૩/૧૨/૦૬ની ભલામણો મંજૂર કર્યાનું :

૨(૨). શ્રી ગુજરાત રાજ્ય અખિલ ગ્રામ્ય કબીર વિકાસ મંડળ, દાસા સંચાલિત આર્ટસ કોલેજ ફતેપુરા, જિ.દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૫થી કાયમી જોડાણ મેળવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું (૧) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૨) પ્રો. અજયભાઈ સોની, (૩) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૪) પ્રિ. ડૉ. સી. પી. પટેલ.

૨(૩). એરોમા કોલેજ ઓફ કોમર્સ, ઉસ્માનપુરા, અમદાવાદને શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૦૭ના જોડાણ સંદર્ભે આવેલ અરજી પરત્વે કોલેજે કરેલ ક્ષતિપૂર્તતાની ચકાસણી કરવા એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૨૦/૮/૦૬ની સભાના ઠરાવ મુજબ નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. પી. સી. ઉપાધ્યાય, (૨) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૩) પ્રો. સરલાબેન અચ્યુત્તન, (૪) ડૉ. ડી. જી. પટેલ, (૫) પ્રિ. કે. જે. પટેલ.

૨(૪). જનવિકાસ ટ્રસ્ટ અમદાવાદ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, મુ.રામોલ, તા.દસક્રોઈ અમદાવાદને શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી નવી બી.એડ. કોલેજ ચાલુ કરવા NCTE ભોપાલ દ્વારા મંજૂરી મળેલ હોઈ, જોડાણ કાર્યવાહી કરવા સંદર્ભે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ,

(૨) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૩) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૪) પ્રિ. ડૉ. એ. જી. કાછીઆ.

૨(૫). ધી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, હાથીજણ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી જોડાણ લંબાવવા સંદર્ભે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. પી. સી. ઉપાધ્યાય, (૨) ડૉ. ડી. જી. પટેલ, (૩) પ્રિ. હરજીતસીંહ ડી. શીખ, (૪) શ્રી પંકજભાઈ શુક્લ.

૨(૬). શ્રી સયાજીપુરા કેળવણી મંડળ બી.એડ. કોલેજ સયાજીપુરા જયયોગેશ્વર ટાઉનશીપ, આજ્વા રોડ, વડોદરાને નવી બી.એડ. કોલેજ ચાલુ કરવા (શૈક્ષણિક વર્ષ:૨૦૦૭-૦૮થી) NCTE ભોપાલ દ્વારા મંજૂરી મળેલ હોઈ જોડાણ કાર્યવાહી કરવા સંદર્ભે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૩) ડૉ. બી. વી. પટેલ, (૪) શ્રી મનીષભાઈ દોશી.

૨(૭). રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજ્ય મહાવિદ્યાલય રાષ્ટ્રભાષા હિન્દી ભવન, એલિસબ્રીજ, અમદાવાદ-૬ની કોલેજના નવા નામકરણ અંગે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. બી. સી. જોષી, (૨) પ્રિ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, (૩) પ્રિ. હરજીતસીંહ ડી. શીખ, (૪) પ્રિ. એ. જી. કાપડીયા.

૨(૮). અર્બન બેંક હોસ્પિટલ, હેલ્થ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ સેન્ટર અર્બન બેંક હોસ્પિટલ, રળીયાતી દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭થી નવી ડેન્ટલ કોલેજ શરૂ કરવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની LIC(સભ્યો) કમિટી નીમ્યાનું. (૧) ડૉ. મુકુલ શાહ, (૨) ડૉ. ડી. જી. પટેલ, (૩) ડૉ. પ્રવિણ ભાવસાર, (૪) ડૉ. જી. વી. શાહ.

૨(૯). નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.ફાર્મસી કોલેજ, મુ.મોરવા(રેણા), તા.શહેરા, જિ.પંચમહાલને શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૦૭ના જોડાણ સંદર્ભે આવેલ અરજી પરત્વે કોલેજે કરેલ ક્ષતિપૂર્તતાની ચકાસણી કરવા (એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા.૨૦/૮/૦૬ની સભાના ઠરાવ મુજબ) નીચેના સભ્યોની LIC નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. બી. એન. સુહાગીયા, (૩) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૪) ડૉ. એમ. ટી. છાબરીયા.

૨(૧૦). શ્રી સ્વામીનારાયણ સંસ્કાર ડિપ્લોમા ફાર્મસી કોલેજ, મુ.ઝુંડાલ, તા.જિ.ગાંધીનગરને નીચે જણાવેલ વિષયો-અભ્યાસક્રમો માટે તેની સામે દર્શાવેલ પ્રકાર અને મુદત માટે મંજૂરી આપ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસી (સેલ્ફ ફાઈનાન્સ) | ૬૦ | નવું (એડહોક) | તા. ૧૫/૧૨/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ |

૨(૧૧). સીગ્મા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફિઝીયોથેરાપી, મુ.બાકરોલ, તા.વાઘોડિયા, જિ.વડોદરાને નીચે જણાવેલ વિષયો-અભ્યાસક્રમો માટે તેની સામે દર્શાવેલ પ્રકાર અને મુદત માટે મંજૂરી આપ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| બેચલર ઓફ ફીઝીયોથેરાપી (B.P.T.) (૨૦ વિદ્યાર્થી ક્ષમતા સાથે સ્વનિર્ભર ધોરણે) | નવું (એડહોક) | તા.૧/૨/૨૦૦૭ થી તા.૩૧/૭/૨૦૦૭ |

૨(૧૨). શ્રી ઘંટાકર્ણ મહાવીર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "ઉપમન્યુ કોલેજ ઓફ એજ્યુકેશન", સોલા રોડ, અમદાવાદની ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર) | ૧૦૦ | ચાલું (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૬ થી તા.૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૧૩). પી. ડી. પંડ્યા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષ બી.સી.એ. | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ |

૨(૧૪). શ્રી લોદરા કેળવણી મંડળ બી.એડ. કોલેજ, મુ.લોદરા, જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી સંસ્કૃત વિષયનું નવું જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) ડૉ. વસંત ભટ્ટ, (૩) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી, (૪) ડૉ. રમેશભાઈ ચૌધરી.

૨(૧૫). એચ. એમ. ભુરા બી.એડ. કોલેજ, મુ.સંતરામપુર, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) શ્રી મનીશભાઈ એમ. દોશી.

૨(૧૬). પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, મુ.લિમડા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) પ્રિ. ડૉ. જે. વી. દવે, (૩) ડૉ. યુ. સી. પાંડે, (૪) શ્રી પંકજભાઈ શુક્લ.

૨(૧૭). પારૂલ ઈન્સ્ટી. ઓફ ફાર્મસી, મુ.લિમડા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી. એન. સુહાગીયા, (૨) ડૉ. આર. કે. ગોયલ, (૩) ડૉ. યુ. સી. પાંડે, (૪) ડૉ. એમ. વી. રાવ.

૨(૧૮). બરોડા કોલેજ ઓફ ફાર્મસી, મુ.લિમડા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. જી. ભટ્ટ, (૨) ડૉ. રંજના હરીશ, (૩) ડૉ. આર. કે. ગોયલ, (૪) ડૉ. શોભના મેનન.

૨(૧૯). કેલેન્ડર વર્ષ તા.૧/૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૦૬ દરમ્યાન આ યુનિવર્સિટીની પી.એચ.ડી.ની પદવી માટે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ જુદા જુદા વિષયોમાં મહાનિબંધ સ્વીકાર્યાનું કાર્ય. (નોંધ :- યાદી આ સાથે સામેલ છે.)

૨(૨૦). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના આવેલ તા.૨૬-૨-૨૦૦૭ના પત્ર ક્રમાંક-એફ.નં.૩૨-૩૧૮/૨૦૦૬ (એસઆર)થી કેમેસ્ટ્રી વિભાગના ડૉ.હિતેશ ડી. પટેલના માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ અંગે બે વર્ષ માટે રૂા.૧.૦૦ લાખની આર્થિક-સહાય મંજૂર કરેલ છે જેની નોંધ લેવા બાબત. (યુ.જી.સી.માંથી આવેલ પત્રની નકલ આ સાથે સામેલ છે.)

૨(૨૧). પારૂલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, મુ.લિમડા, તા.વાઘોડિયા, જિ.વડોદરા દ્વારા ચલાવતો M.C.A.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી બંધ કરવા અંગે સંસ્થાની આવેલ અરજી પરત્વે ઓર્ડિ.૧૨૦-E મુજબ નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. સવિતા ગાંધી, (૩) ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૨૨). અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિસર્ચ ઈન્સ્ટીટયુટ, મુ.અડાલજ, જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. આર. કે. ગોયલ, (૨) ડૉ. યુ. સી. પાંડે, (૩) ડૉ. એમ. ટી. છાબરીયા, (૪) ડૉ. એમ. વી. રાવ.

૨(૨૩). શ્રી કે. કા. શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ, બિહારી મિલ કંપાઉન્ડ, ખોખરા રોડ, મણિનગર (પૂર્વ), અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. વસંતભાઈ ભટ્ટ, (૨) ડૉ. વાય. એસ. શાસ્ત્રી, (૩) પ્રો. એન. કે. પાઠક, (૪) ડૉ. બી. વી. પટેલ.

૨(૨૪). કાનોરિયા હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, મુ.ભાટ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી "ડિપ્લોમા ઈન એપ્લાઈડ ક્લિનીકલ કાઉન્સેલિંગ એન્ડ સાયકોથેરાપી" (DACCPT)

અભ્યાસક્રમનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. એચ. પી. ભાલોડિયા, (૨) ડૉ.નીતાબેન વ્યાસ, (૩) ડૉ. અમરીશ પરીખ, (૪) ડૉ. જી. વી. શાહ.

૨(૨૫). તક્ષશિલા ફાઉન્ડેશન સંચાલિત "એસ.આર.કોલેજ ઓફ વિમેન એજ્યુકેશન", મકરપુરા રોડ, વડોદરાને N.C.T.E. ભોપાલ દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી સ્વનિર્ભર ધોરણે ૧૦૦ સીટ સાથેની નવી બી.એડ્. કોલેજ ચાલુ કરવા મંજૂરી મળેલ હોઈ, જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર.એસ.પટેલ, (૨) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૩) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૪) પ્રિ. ડૉ. એ. જી. કાછીઆ.

૨(૨૬). શ્રીમતિ માલિની કિશોર સંઘવી હોમીયોપેથીક મેડિકલ કોલેજ, સુમેરુ, મિયાંગામ-કરજણ, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી નવી હોમીયોપેથીક કોલેજ ચાલુ કરવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. કિર્તીભાઈ પટેલ, (૨) ડૉ. બંકીમભાઈ માંકડ, (૩) ડૉ. બિપીનભાઈ પટેલ, (૪) ડૉ. કલ્પેશભાઈ શાહ. **(નોંધઃ- રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા આ કોલેજને "એસેન્સ્યાલીટી સર્ટીફિકેટ" આપવામાં આવેલ છે.)**

૨(૨૭). શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ફાર્મસી કોલેજ, મુ.ઝુંડાલ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭થી પ્રથમ વર્ષ બી.ફાર્મ.નું ચાલુ તથા દ્વિતીય વર્ષ બી.ફાર્મ.નું નવું(એડહોક) જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| **વિષયો-અભ્યાસક્રમો** | **સીટ** | **જોડાણ પ્રકાર** | **મુદત** |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ફાર્મ.<br>દ્વિતીય વર્ષ બી.ફાર્મ. | ૬૦ | ચાલું<br>નવું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૨૮). શ્રીનાથ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત "ધી સાંદિપની શિક્ષણ મહાવિદ્યાલય", સેકટર-૨૩, ચાણક્યપુરી, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧ને N.C.T.E., ભોપાલ દ્વારા સ્વનિર્ભર ધોરણે ૧૦૦ સીટ સાથેની નવી બી.એડ્. કોલેજ ચાલુ કરવા મંજૂરી મળેલ હોઈ, સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| **વિષયો-અભ્યાસક્રમો** | **સીટ** | **જોડાણ પ્રકાર** | **મુદત** |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર) | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૭ થી તા.૧૪/૧૨/૨૦૦૭ સુધી |

૨(૨૯). નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો.ઓપરેટીવ મેનેજમેન્ટ, ગાંધીનગરની ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭નું જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| **વિષયો-અભ્યાસક્રમો** | **સીટ** | **જોડાણ પ્રકાર** | **મુદત** |
|---|---|---|---|
| એમ. બી. એ. (સ્વનિર્ભર) | ૬૦ | ચાલું એડહોક | તા.૧૫/૬/૨૦૦૬ થી તા.૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૩૦). ગવર્નમેન્ટ ફિઝીયોથેરાપી કોલેજ એન્ડ પેરાપ્લેજીયા હોસ્પિટલ, અમદાવાદને રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા નવી વધારાની ૬૦ સીટો મંજૂર કરેલ હોઈ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭નું વધુ ૧૦ માસનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| **વિષયો-અભ્યાસક્રમો** | **સીટ** | **જોડાણ પ્રકાર** | **મુદત** |
|---|---|---|---|
| એમ. બી. એ. (સ્વનિર્ભર) | ૬૦ | ચાલું એડહોક | તા.૧૫/૬/૨૦૦૬ થી તા.૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૩૧). યુનિવર્સિટીમાં કુલસચિવશ્રી તરીકે ફરજ બજાવતાં ડૉ. એ. વી. ભાંડારીએ તેમના અંગત તથા કૌટુંબિક કારણસર તેમને મળેલ ૨ વર્ષના લીયનનો ઉપયોગ કરી તેમની પ્રોફેશર ઈન લિંગ્વીસ્ટીકની મૂળ જગ્યા ઉપર હાજર થવા માટે તા.૨/૪/૦૭ના રોજ આપેલ અરજીના અનુસંધાનમાં તેમનો પ્રોફેસર ઈન લિંગ્વીસ્ટીકની મૂળ જગ્યા ઉપર હાજર થવા તા.૯/૪/૦૭ કાર્યાલય સમય બાદ ફરજ મુક્ત કર્યાનું.
**(નોંધ :- (૧) ડૉ. એ. વી. ભાંડારીએ કુલસચિવ તરીકે તા.૩૧/૧/૦૬ના રોજ હવાલો સંભાળેલ હતો., (૨) ડૉ. એ. વી. ભાંડારીને ૨ વર્ષનો લીયન E.C.ની તા.૧૪/૫/૦૬ સભાની બા.ક્ર.૨(૯૦)થી મંજૂર કરવામાં આવેલ હતો.)**

૨(૩૨). કુલસચિવશ્રી ડૉ. એ. વી. ભાંડારીને તેમની પ્રોફેસર ઓફ લિંગ્વીસ્ટીકની મૂળ જગ્યા પર હાજર થવા તા.૯/૪/૦૭ કાર્યાલયના સમય બાદ ફરજ મુક્ત કરતાં કુલસચિવશ્રીની જગ્યાનો વધારાનો ચાર્જ ચીફ એકાઉન્ટસ ઓફિસર શ્રી મિનેષભાઈ એસ. શાહને તેમની ફરજો ઉપરાંત સોપ્યાનું.

૨(૩૩). યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં તા.૨૪/૨/૦૬થી એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી જયદેવસિંહ ગોહિલે તેમની તા.૧૦/૩/૦૭ના રોજ આપેલ અરજીના અનુસંધાનમાં તેઓનું રાજીનામું મંજૂર કર્યાનું અને તા.૯/૪/૦૭ કાર્યાલય સમય બાદથી ફરજ મુક્ત કર્યાનું.

૨(૩૪). શ્રી કે. કા. શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ, બિહારી મીલ કંપાઉન્ડ, ખોખરા રોડ, મણિનગર(પૂર્વ), અમદાવાદ-૮ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના

સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું (Revised Order). (૧) ડૉ. વાય. એસ. શાસ્ત્રી, (૨) પ્રો. એન. કે. પાઠક, (૩) ડૉ. બી. વી. પટેલ, (૪) ડૉ. એમ. વી. રાવ.

૨(૩૫). જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતી ડિપ્લોમા ફાર્મસી કોલેજ, ધર્મજ-ખંભાત રોડ, મુ.ધર્મજની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રો. એન. કે. પાઠક, (૨) ડૉ. વસંત ભટ્ટ, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) ડૉ. સરમણ ઝાલા.

૨(૩૬). શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ડિપ્લોમા ફાર્મસી કોલેજ, ઝૂંડાલ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૩) ડૉ. આર. કે. ગોયલ, (૪) ડૉ. એમ. ટી. છાબરીયા.

૨(૩૭). એલ. બી. રાવ ઈન્સ્ટી. ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એનડ રિસર્ચ ખંભાતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. યુ. સી. પાંડે, (૨) ડૉ. એમ. વી. રાવ, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) ડૉ. એન. આર. લાધાવાલા.

૨(૩૮). નવજાગૃતિ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેન, જુની મંડાઈ સામે, માળીવાડા સામે, ખંભાતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૩) ડૉ. સતિશભાઈ શુક્લ, (૪) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી.

૨(૩૯). દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજનું શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી કોલેજનું નવું નામાભિધાન "જે એન્ડ આર કોલેજ ઓફ એજ્યુકેશન" કરવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, (૨) ડૉ. સતિશભાઈ શુક્લ, (૩) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ, (૪) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી.

૨(૪૦). ઝેવિયર્સ ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, નવરંગપુરા, અમદાવાદ-૯ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૨) શ્રી બિપીનભાઈ મહેતા, (૩) પ્રિ. ભરતભાઈ જોશી, (૪) પ્રો. અજયભાઈ સોની.

૨(૪૧). પી. ડી. પંડ્યા ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, ઘોડાસર, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી કાયમી જોડાણ માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ

(LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૨) પ્રિ. સુભાષા બ્રહ્મભટ્ટ, (૩) શ્રી બિપીનભાઈ મહેતા, (૪) પ્રિ. એચ. ડી. શીખ.

૨(૪૨). જી. એલ. એસ. ઈન્સ્ટી. ઓફ કોમર્સ, એલિસબ્રીજ, અમદાવાદ-૬ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૨) ડૉ. સવિતા ગાંધી, (૩) ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, (૪) ડૉ. એચ. સી. સરદાર.

૨(૪૩). અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ, સેકટર-૨૩, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. એચ. એસ. ઓઝા, (૨) પ્રો. અજયભાઈ સોની, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) પ્રિ. હરજીતસીંગ શીખ.

૨(૪૪). શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ફાર્મસી કોલેજ, ઝુંડાલ, તા.જિ.ગાંધીનગરને જૂન ૨૦૦૭-૦૮થી ડીગ્રી ફાર્મસીનું ચાલુ જોડાણ લંબાવવા માટેની આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું.(૧) ડૉ. બી. એન. સુહાગીયા, (૨) ડૉ. આર. કે. ગોયલ, (૩) ડૉ. યુ. સી. પાંડે, (૪) ડૉ. એસ. આર. દવે.

૨(૪૫). ગવર્નમેન્ટ ફિઝીયોથેરાપી કોલેજ એન્ડ પેરાપ્લેજીયા હોસ્પિટલ, અમદાવાદ-૧૬ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. એચ. પી. ભાલોડિયા, (૨) ડૉ. કિર્તીભાઈ પટેલ, (૩) ડૉ. જી. વી. શાહ, (૪) ડૉ. સી. એસ. શર્મા.

૨(૪૬). નગર સ્કૂલ ઓફ ઓપ્ટોમેટ્રી સી. એચ. નગરી આંખની હોસ્પિટલ, એલિસબ્રીજ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) ડૉ. એચ. પી. ભાલોડિયા, (૨) ડૉ. કિર્તીભાઈ પટેલ, (૩) ડૉ. જી. વી. શાહ, (૪) ડૉ. સી. એસ. શર્મા.

૨(૪૭). અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, એચ. એલ. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૯ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી M.C.A.નું ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું. (૧) પ્રિ. સૌરભભાઈ ચોકસી, (૨) ડૉ. બી. વી. પટેલ, (૩) ડૉ. ચિન્નમ રેડ્ડી, (૪) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ.

૨(૪૮). વિઝન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "વિઝન કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.) અમદાવાદ" દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એસ.એન.ડી.ટી. યુનિ. મુંબઈનું જોડાણ રદ કરીને તે આ યુનિવર્સિટીમાં તબદીલ (Transfer) કરવા સંદર્ભે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ (LIC) નીમ્યાનું.

(૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. બી. વી. પટેલ, (૩) ડૉ. રંજના હરીશ, (૪) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ.

૨(૪૯). આર. સી. કોલેજ ઓફ કોમર્સ૪ દિલ્હી ચકલા૪ અમદાવાદ-૧ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૬-૦૭નું ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| પ્રથમ વર્ષ બી. કોમ.<br>દ્વિતીય વર્ષ બી. કોમ.<br>તૃતિય વર્ષ બી. કોમ. | ચાલુ<br>(એડહોક) | તા.૧૫/૬/૨૦૦૬<br>થી<br>તા.૧૪/૬/૨૦૦૭<br>સુધી |

૨(૫૦). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેમના તા.૨૧/૩/૨૦૦૭ના આવેલ પત્ર ક્રમાંક - ડી.ઓ.નં.એફ.૨૭-૧/૨૦૦૫ (એએસસી)થી એકેડેમિક સ્ટાફ કોલેજની મુદત તા.૧/૪/૨૦૦૭થી તા.૩૧/૩/૨૦૧૨ સુધી એટલે અગિયારમી પંચવર્ષીય યોજના સુધી લંબાવેલ છે જેની નોંધ લેવા બાબત.

૨(૫૧). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ-દિલ્હી તરફથી આવેલ તા.૩૦/૩/૨૦૦૭ના પત્ર ક્રમાંક - એફ.૨૬-૨/૨૦૦૩ (એસયુઆઈ)થી સ્ટાફ અંગેની ગ્રાન્ટ રૂ.૪૭.૫૦ લાખ "Re-appropriation" નીચેના મુજબના હેડ મુજબ ફાળવણી કરેલ છે જેની નોંધ લેવા બાબત..

| | | |
|---|---|---|
| (૧) | બુક્સ એન્ડ જર્નલ્સ | ૮.૦૦ લાખ |
| (૨) | વૈજ્ઞાનિક સાધનો | ૩૯.૫૦ લાખ |
| | **કુલ** | **૪૭.૫૦ લાખ** |

૨(૫૨). ફાઈનાન્સ સમિતિની એક સભા તા.૨/૩/૦૭ને શુક્રવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ સભાની કાર્યવાહી મંજૂર કર્યાનું.

૨(૫૩). યુનિવર્સિટીમાં કુલસચિવ તરીકે ફરજ બજાવતાં ડૉ. એ. વી. ભાંડારીએ તેમના અંગત અને કૌટુંબિક કારણસર (તેઓએ મેળવેલ બે વર્ષના લિયન સંદર્ભે (એકા.તા.૧૪/૫/૨૦૦૬) તેઓની મૂળ જગ્યા પર પરત જવા તા.૨/૪/૦૭ના રોજ કરેલી અરજી ગ્રાહ્ય રાખતાં તા.૪/૪/૨૦૦ના રોજ લિંગ્વિસ્ટિક્સ વિભાગ, ભાષાભવનમાં ફરજ ઉપર હાજર થતાં લિંગ્વિસ્ટિક્સ વિભાગના વડા તરીકે નિમ્યાનું.

૨(૫૪). એઓસીએશન ઓફ કોમન વેલ્થ (ACU) યુનિવર્સિટીઝ યુ. કે. તરફથી આવેલ તા.૪/૪/૨૦૦૭ના પત્ર અન્વયે વર્ષ ૨૦૦૬-૦૭નું વાર્ષિક લવાજમ ૯૨૮ પાઉન્ડ રૂપાંતરિત રકમ રૂ.૭૭,૮૮૭/- (રૂપિયા સિત્યોતેર હજાર આઠસો સિત્યાશી પૂરા) મંજૂર કર્યાનું.

૨(૫૫). શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી ગુરૂકુલ કેમ્પસ, (MCA), સેકટર-૨૩, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. સવિતા ગાંધી, (૨) ડૉ. યુ. સી. પાંડે, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) શ્રી કેદારભાઈ ભટ્ટ.

૨(૫૬). ગુજરાત લો સોસાયટી સંચાલિત "એસ. એમ. પટેલ ઈન્સ્ટી. ઓફ કોમર્સ", એલિસબ્રીજ, અમદાવાદ-૬ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી પ્રથમ, દ્વિતીય, તૃતિય વર્ષ બી.કોમનો વધારાનો વર્ગ અંગે જોડાણ અરજી આવેલ તેના સંદર્ભે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. શોભના મેનન, (૩) ડૉ. રાજશ્રી કલાર્ક, (૪) ડૉ. મિનુ શરાફ.

૨(૫૭). સ્વામી વિવેકાનંદ ફિઝીકલ એજ્યુકેશન કોલેજ, કામેશ્વર વિદ્યાલય સંકુલ, મુ.સરગાસણ, તા.જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રો. હરીશભાઈ દેસાઈ, (૨) ડૉ. એચ. સી. સરદાર, (૩) ડૉ. એન. કે. જૈન.

૨(૫૮). શ્રી નારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ. ડી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, મુ.પો.ઝૂંડાલની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. એસ. આર. દવે, (૨) ડૉ. એમ. વી. રાવ, (૩) ડૉ. વાય. ટી. જશરાય, (૪) ડૉ. એન. કે. જૈન.

૨(૫૯). સ્વ.મોંઘીબા છીતાભાઈ પરમાર બુનિયાદી શિક્ષણ મહાવિદ્યાલય, જીબીટીસી બી.એડ્. બેઝિક કોલેજની ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. કે. જે. પટેલ, (૨) પ્રિ. હરજીતસીંગ શીખ, (૩) પ્રિ. એસ. કે. મનસુરી, (૪) ડૉ. સતિશભાઈ શુક્લ.

૨(૬૦). એરોમા કોલેજ ઓફ કોમર્સ, કમર ટ્રસ્ટ બિલ્ડીંગ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. કે. જે. પટેલ, (૨) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ, (૩) પ્રિ. સીરાલીબેન મહેતા, (૪) પ્રિ. ડૉ. ગીતાબેન મહેતા.

૨(૬૧). આર. જી. ભરવાડ શ્રી વાડીનાથ ડિપ્લોમા ફાર્મસી કોલેજ, મુ.પો.અણિયાદ, તા.શહેરા, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી કોલેજ બંધ કરવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી. એન. સુહાગીયા, (૨) ડૉ. આર. કે. ગોયલ, (૩) ડૉ. એમ. ટી. છાબરીયા, (૪) પ્રિ. ડૉ. બી. સી. જોશી.

૨(૬૨). સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી, વાસદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી. વી. પટેલ, (૨) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૩) ડૉ. સવિતા ગાંધી, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૬૩). કલોલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, મુ.કલોલ, જિ.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી.વી. પટેલ, (૨) પ્રિ. બી.સી. જોશી, (૩) ડૉ. એમ.વી. રાવ, (૪) ડૉ. વાય. ટી. જશરાય.

૨(૬૪). આકાશ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "આકાશ અધ્યાપન મંદિર" (બી.એડ્. કોલેજ), ગોતા ક્રોસ રોડ, ઓગણજ, એસ.જી.હાઈવે, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી નવું જોડાણ એસ.એન.ડી.ટી.યુનિ.માંથી તબદિલ કરવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. એમ. એન. પટેલ, (૨) ડૉ. બી. વી. પટેલ, (૩) ડૉ. એચ. સી. સરદાર, (૪) પ્રિ. ડૉ. બી. સી. જોષી.

૨(૬૫). શ્રી લોદરા કેળવણી મંડળ સંચાલિત બી.એડ્. કોલેજનું નવું નામાભિધાન "શ્રીમતિ સંતોકબેન શાંતિલાલ મોહનલાલ પટેલ બી.એડ્. કોલેજ", મુ.લોદરા કરવા માટે (શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી) આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૨) પ્રિ. હરજીતસીંગ શીખ, (૩) પ્રિ. એસ. કે. મનસુરી, (૪) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ.

૨(૬૬). શ્રી મુક્તજીવન સ્વામિબાપા આર્ટસ કોલેજ, વાઘજીપુરા, તા.શહેરા, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. કે. જે. પટેલ, (૨) પ્રિ. મહિપતસિંહ ચાવડા, (૩) પ્રિ. હરજીતસીંગ શીખ, (૪) પ્રિ. એચ. કે. મનસુરી.

૨(૬૭). શ્રી બાલાજી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન કોલેજ "સત્યમ", ઝેનીથ ટીન સામે, છાણી રોડ, વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૭-૦૮ સુધીનું જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૨) પ્રો. રમેશભાઈ ચૌધરી, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) ડૉ. સતિશભાઈ શુક્લ.

૨(૬૮). સંસ્કૃતિ સુરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ધર્મજ ડિગ્રી ફાર્મસી કોલેજ, મુ.ધર્મજની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. રંજના હરીશ, (૩) ડૉ. શોભના મેનન, (૪) ડૉ. સોનલબેન પંડ્યા.

૨(૬૯). ગર્વનમેન્ટ એન્જી. કોલેજ, ઝાલોદ રોડ, દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડો. જે. વી. દવે, (૨) પ્રો. એમ. એચ. લુંગરીયા, (૩) શ્રી પંકજભાઈ શુક્લ, (૪) શ્રી મનિષભાઈ એમ. દોશી.

૨(૭૦). ઈંદુસ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી એન્ડ એન્જી., મુ.રાંચરડા, વાયા થલતેજ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. યુ. સી. પાંડે, (૨) ડૉ. એમ. વી. રાવ, (૩) ડૉ. એસ. આર. દવે, (૪) ડૉ. વાય. ટી. જશરાય.

૨(૭૧). શ્રી મેઘાણી પરિવાર એન્ડ શ્રી ભાઈલાલ એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, ઉમિયા કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭થી પ્રથમ વર્ષ બી.એ.માં પ્રથમ ગૌણ તથા દ્વિતીય ગૌણ વિષય તરીકે કોમ્પ્યુટર જોડાણ અંગે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. સવિતાબેન ગાંધી, (૨) ડૉ. (શ્રીમતિ) જ્યોતિ એસ. પરીક, (૩) ડૉ. વાય. ટી. જશરાય, (૪) ડૉ. એન. કે. જૈન.

૨(૭૨). દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત જે. એન્ડ આર. કોલેજ એજ્યુકેશન, દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૨) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી, (૩) ડૉ. સતિશભાઈ શુક્લ, (૪) પ્રિ. ડૉ. એ. જી. કાછીઆ.

૨(૭૩). સરકારી બી.એડ્. કોલેજ, નસવાડી, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. ડૉ. સી. પી. પટેલ, (૨) પ્રિ. ડૉ. દુષ્યંતભાઈ શુક્લ, (૩) ડૉ. સતિશભાઈ શુક્લ, (૪) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી.

૨(૭૪). સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી (MCA) વાસદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. બી. વી. પટેલ, (૨) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૩) ડૉ. સવિતા ગાંધી, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૭૫). સીગ્મા ઈન્સ્ટી. ઓફ ફિઝીયોથેરાપી, બાકરોલ, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રિ. દિલીપભાઈ પટેલ, (૨) ડૉ. નિતાબેન વ્યાસ, (૩) ડૉ. જી. વી. શાહ, (૪) ડૉ. બિપીનભાઈ પટેલ.

૨(૭૬). ધી અખિલ અંજના કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત "ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટી." સેકટર-૭, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. (શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. સવિતા ગાંધી, (૩) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૪) ડૉ. શોભના મેનન.

૨(૭૭). સીગ્મા ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુ.બાકરોલ, આજવા-નિમેટા રોડ, માધવનગર સોસાયટી સામે, વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૨) ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, (૩) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૪) ડૉ. ચિન્નમ રેડ્ડી.

૨(૭૮). સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નસવાડી, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) પ્રો. અજયભાઈ સોની, (૨) પ્રિ. ડૉ. ગોપાલભાઈ ભટ્ટ, (૩) પ્રિ. હરજીતસીંગ શીખ, (૪) પ્રિ. એસ. કે. મનસુરી.

૨(૭૯). સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી (આર્કિટેકચર) વાસદનની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ચાલુ જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું. (૧) ડૉ. બી. વી. પટેલ, (૨) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૩) ડૉ. સવિતા ગાંધી, (૪) ડૉ. આર. એસ. પટેલ.

૨(૮૦). તા.૧/૧/૨૦૦૭ થી મોંઘવારી ભથ્થાના ૬% લેખે (મૂળપગાર + મોંઘવારી પગારના ૩૫%) દર વધાર્યા અંગેનો રાજ્ય-સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૦૭-જીઓઆઈ-૦૬-ચ, તા.૧૬, એપ્રિલ-૨૦૦૭ના ઠરાવનો સ્વીકાર કરી તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને માટે અમલ કર્યાનું.

૨(૮૧). રાજ્ય-સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૨/૪/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : નનમ/૧૦૦૪/૧૦૩૮/ઓ.૩૫૪(૦૭)ઝ, મુજબ યુનિવર્સિટીના રૂા.૮૩૦૦/- સુધીનો મુળ પગાર ધરાવતા કર્મચારીઓને વર્ષ ૨૦૦૭-૦૮ માટે રૂા.૨૫૦૦.૦૦ (અંકે બે હજાર પાંચસો પૂરા)ની મહત્તમ મર્યાદામાં અનાજ લોન મંજુર કરવાના ઠરાવનો સ્વીકાર કર્યાનું અને તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપ્યાનું.

૨(૮૨). યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને અગિયારમા પ્લાનની ગુજરાત યુનિવર્સિટીની જરૂરિયાત મુજબની વિગતો યુ.જી.સી.એ માંગેલ પ્રફોર્મામાં દરખાસ્ત તૈયાર કરીને યુ.જી.સી.ને મોકલવા બાબત. (નોંધ :- અગિયારમા પ્લાનની ગુજરાત યુનિવર્સિટીની જરૂરિયાત મુજબની દરખાસ્ત તૈયાર કરવા અંગે માન.કુલપતિશ્રીએ નીચે મુજબના સભ્યોની કમિટિ બનાવેલ છે. (૧) ડૉ. બી. વી. પટેલ - માઈક્રો. વિભાગ, (૨) ડૉ. એસ. કે. મેનન - કેમેસ્ટ્રી વિભાગ, (૩) ડૉ. વાય. ટી. જશરાય - બોટની વિભાગ, (૪) ડૉ. વી. ચારી - કોમર્સભવન, (૫) ડૉ. એચ. સી. સરદાર - કોમર્સભવન.

૨(૮૩). યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેમના તા.૨૬/૪/૨૦૦૭ના પત્ર ક્રમાંક - એફ-૬૩-૧/૨૦૦૩ (એસયુ.આઈ.)થી દસમી યોજના હેઠળની બિલ્ડીંગ ગ્રાન્ટની સમયમર્યાદા તા.૩૧/૩/૨૦૦૯ સુધી લંબાવેલ છે તેમજ 'Faculty Position' સિવાયની અન્ય ગ્રાન્ટના વપરાશ અંગેની

સમયમર્યાદા તા.૩૦/૯/૦૭ સુધી લંબાવેલ છે જેની સવિનય નોંધ લેવા બાબત.

| | |
|---|---|
| Building Projection | ૩૧/૩/૨૦૦૯ |
| One time Grant | ૩૦/૯/૨૦૦૭ |
| Reapropiation From Staff the books & journals requirement | ૩૦/૯/૨૦૦૭ |

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૨(૧) થી ૨(૮૩) સુધીના કાર્યોની નોંધ લેવી.**

બા.ક્ર.૩. MPE ભાગ : ૧-૨ વર્ષ ૨૦૦૪-૦૫ના વિદ્યાર્થી ચૌધરી જયેશકુમાર એમ., બેઠક નં.૩ની અરજીના સંદર્ભમાં માન.કુલપતિશ્રીએ નિમેલ કમિટીએ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવા અંગે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(નોંધ:- સદરહુ ભલામણો પરિશિષ્ટ- ૧ તરીકે સામેલ છે)**

**નોંધ.:** ૧) સદર વિદ્યાર્થીનું ભાગ-૧નું પરિણામ પૂનઃમૂલ્યાંકન કરાવતા નાપાસ જાહેર થયેલ જે દરમ્યાન વિદ્યાર્થીએ ભાગ-૧ની માર્કશીટના આધારે ભાગ-૨નું ફોર્મ ભરી પરીક્ષા આપેલ હતી જેનું પરિણામ પાસ જાહેર થયેલ.

૨) વિદ્યાર્થીએ ભાગ-૧ની પરીક્ષાની માર્કશીટ જમા ન કરાવતા પરીક્ષા શુધ્ધિ સમિતિએ વિદ્યાર્થીએ F + ૨ની સજા કરેલ હતી.

૩) વિદ્યાર્થીએ તેને થયેલ F + ૨ની સજા અંગે પૂનઃ વિચારણા કરવા અરજી આપેલ છે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કમીટીએ કરેલ ભલામણનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૪. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં ફરજ બજાવતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરા થતાં તેમને કાયમી કરવા બાબત. (ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજુ કરવામાં આવશે.)

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નિમણૂંક તારીખ | અજમાયશી સમય પૂરો થયા તારીખ | કાયમી કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સ્નેહલ ડી. દવે | યુનિ. એન્જિનીયર | ૨-૧-૦૬ | ૧-૧-૦૭ | ૨-૧-૦૭ |
| ૨. | શ્રી વિશાલ એન. પંચોલી | ડેપ્યુટી એન્જીનીયર (સિવીલ) | ૧૬-૧-૦૬ | ૧૫-૧-૦૭ | ૧૬-૧-૦૭ |

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બંને કર્મચારીઓનો ખાનગી અહેવાલ સ્વીકારવો અને તદ્અનુસાર શ્રી સ્નેહલ ડી.**

**દવે, યુનિવર્સિટી એન્જીનીયર અને શ્રી વિશાલ એન. પંચોલી, ડેપ્યુટી એન્જીનીયર (સિવીલ)ને અનુક્રમે તા.૨-૧-૦૭ અને ૧૬-૧-૦૭થી કાયમ કરવાનું રાખવું.**

બા.ક્ર.૫. શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી નવી કોલેજો શરૂ કરવા વિવિધ સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા તા.૧૩/૪/૦૭ના રોજ મળેલ "નીડ સમિતિ"ની સભાની નોંધ (મિનીટ્સ) પર વિચારણા કરવા અંગે.

**(નોંધ :- નીડ સમિતિની તા.૧૩/૪/૦૭ની સભાની નોંધ આ સાથે પરિશિષ્ટ-૨ તરીકે સામેલ છે)**

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે નીડ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૬. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ફરજ બજાવતા શ્રી કે. એમ. ભટ્ટની રીડર તરીકે કાર્યાલયના પત્રાંક એકા./૧/૭૬૪૬/ તા.૭/૧૦/૯૭થી સ્પે. સીવિલ એપ્લીકેશન નંબર ૬૧૬૯/૧૯૯૭ના ચુકાદાને આધીન એડહોક નિમણૂંક કરવામાં આવેલ. સદરહુ પીટીશનને તા. ૨૦-૧૨-૨૦૦૬ના કોર્ટના આદેશથી કાઢી નાખવામાં આવેલ હોઈ હવે તેમને રીડર તરીકે કાયમી નિમણૂંકપત્ર આપવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત આદેશથી સદરહુ અરજીનો નિકાલ થયો હોવાથી સમાજવિદ્યા ભવનના શ્રી કે.એમ.ભટ્ટને રીડરની જગ્યાનો કાયમી નિમણૂંક પત્ર આપવાનું રાખવું.**

બા.ક્ર.૭. પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી લીલાણી જીતેન્દ્ર સી. ની નિમણૂંક તા.૪/૪/૦૬ના રોજ કરવામાં આવેલ હતી. તેઓનો અજમાયશી સમય તા.૩/૪/૦૭ના રોજ પૂરો થતા તેઓને કાયમી કરવા અંગેની બાબત વિચારણા માટે. (ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ખાનગી અહેવાલ સ્વીકારવો અને તદ્અનુસાર શ્રી લીલાણી જીતેન્દ્ર સી.ને પરીક્ષા નિયામકની જગ્યા પર તા. ૪-૪-૦૬થી કાયમ કરવાનું રાખવું.**

બા.ક્ર.૮. દાતાશ્રી ડૉ. ગિરા ચંદ્રકાંત વોરા, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી એમ.એડ્. પરીક્ષા માટે "માતુશ્રી મંજુલાબહેન ચંદ્રકાન્ત વોરા ચંદ્રક" એનાયત કરવા મળેલ પ્રદાન (રસીદ નં.૧૦૧/તા.૭/૪/૦૭, ચેક નં.૨૦૧૦૫૨/તા.૨/૩/૦૭ B.O.I.)નીચે મુજબની શરતોને આધિન સ્વીકારવા વિચારણા કરવા બાબત :-

**: શરતો :**

(૧) "માતુશ્રી મંજુલા ચંદ્રકાન્ત વોરા ચંદ્રક" આ યુનિવર્સિટીની એમ.એડ્. પરીક્ષામાં પ્રથમ આવનાર મહિલા ઉમેદવારને આપવાનો રહેશે. એમ.એડ્. પરીક્ષામાં જ્યારે એક કરતા વધુ મહિલાઓના ગુણ સરખા આવેતો તે વખતે માત્ર સંશોધન (લઘુનિબંધ)ના ગુણને ધ્યાનમાં લઈ પ્રથમ આવનાર મહિલા તાલીમાર્થીને આ ચંદ્રક એનાયત કરવાનો રહેશે.

(૨) ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજ. યુનિ.ની એકિઝીક્યુટીવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

(૩) ચંદ્રક વિજેતાનું નામ શક્ય હશે ત્યા સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે તથા તે શક્ય હશે ત્યા સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે.

(૪) ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

(૫) આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિ.ના જનરલ ફંડ ખાતે જમા લેવામાં આવશે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ક્ષ્માતૃશ્રી મંજુલાબેન ચંદ્રકાન્ત વોરા ચંદ્રક એનાયત કરવા મળેલ પ્રદાનો ઉપરોક્ત શરતોને આધિન સ્વીકાર કરવો.**

બા.ક.૯. તા.૪/૫/૨૦૦૭ના રોજ મળેલ નીડ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ:- સદરહુ ભલામણો પરિશિષ્ટ-૩ તરીકે સામેલ છે)**

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે નીડ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક.૧૦. તા.૫/૫/૨૦૦૭ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહીની નોંધ પર વિચારણા કરવા બાબત.

**(નોંધ:- સદરહુ ભલામણો પરિશિષ્ટ-૪ તરીકે સામેલ છે)**

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

**ઉપરોક્ત સભાની કાર્યવાહી દરમ્યાન નીચેના ઠરાવો કરવામાં આવ્યા હતાં.**

૧. અત્યારસુધી ફાજલ પડેલા જે શિક્ષકોને યુનિવર્સિટીમાં સમાવવામાં આવ્યા છે તે અંગે લંબાણપૂર્વકની ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે હવેથી નવા

ફાજલ શિક્ષકોને સમાવવાની બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મુકવાનું રાખવું.

૨. S.N.D.T. યુનિવર્સિટીમાંથી જોડાણ રદ કરાવી ગુજરાત યુનિવર્સિટીમાં જોડાવા માંગતી B.Ed. કોલેજો પાસેથી ૩ લાખ રૂપિયા ડેવલપમેન્ટ ફંડ તરીકે લેવાનું રાખવું.

૩. વિષય પ્રમાણે Ph.D.Guide નીમવાની સત્તા કુલપતિશ્રીને આપવી. Ph.D. Guideને ૬૨ વર્ષ થયા હોય તો પણ તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતાં વિદ્યાર્થીઓનું કામ પૂરું થાય નહીં ત્યાં સુધી તેઓને ગાઇડ તરીકે ચાલું રાખવા.

૪. વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતાં દંડની રકમ નક્કી કરવા માટેના નિયમો ઘડવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોની કમિટી નિયુકત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫. નવી કોલેજોની એપ્લીકેશન વખતે મકાનનો ભાડા કરાર ૩૦ વર્ષના અથવા ૩૦ વર્ષના ભાડાપટ્ટે રીન્યુ થાય તે પ્રમાણે હોવો જોઇએ. જે તે મકાન વપરાશ માટે યોગ્ય છે તેવું કોર્પોરેશન/પંચાયતનું સર્ટીફીકેટ સંસ્થા પાસેથી લેવાનું રાખવું.

૬. કોલેજ જોડાણના સંદર્ભે કોલેજની મુલાકાતે જતી Local Inquiry Commiitteeની મુલાકાતની જાણ હવેથી સંસ્થાને અગાઉથી કરવાનું રાખવું નહીં.

૭. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને અગિયારમી પંચવર્ષીય યોજના હેઠળ મોકલવાની થતી દરખાસ્ત તૈયાર કરીને તે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને મોકલી આપવાની કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૮. ડૉ.પી.પી.પ્રજાપતિએ RTIના કાયદા હેઠળ માંગેલ માહિતી અંગે ચર્ચાવિચારણા એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં થઇ હતી અને તેના જવાબ અંગે વકીલશ્રીની સલાહ લેવાનું ઠરાવવામાં આવ્યું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે RTI Act હેઠળ આવતી અરજીઓની સંખ્યા ખૂબ વધી હોવાથી તેના નિકાલ માટે સેલ બનાવવાનું રાખવું અને તે માટે Law Officer ની નિમણૂંક તથા હેડક્લાર્ક અને એક સિનિયર ક્લાર્ક નિમવાનું રાખવું. આ સેલ માટે રાજ્ય સરકારમાં દરખાસ્ત કરવી અને જ્યાં સુધી સરકારશ્રીની મંજૂરી ના આવે ત્યાં સુધી તેનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયું હતું.

Mineshshet
**કા.કુલસચિવ**

નં: એકેડેમિક/60836/૨૦૦૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા. /27/07/૨૦૦૭

ભાગ-5
પરિશિષ્ટ-2

ગાંધી [illegible]
મકાન સેક્ટર [illegible]
[illegible]
ગાંધીનગર.
તા 3-2-07

પ્રતિ શ્રી.
પરીક્ષા નિયામક શ્રી
ગુજરાત યુનિવર્સિટી

બાબત:- MPE પાર્ટ 1 અને પાર્ટ 2 ના રીઝલ્ટ બાબત

માનનીય સાહેબ શ્રી. જણાવવાનું કે મારે વર્ષ 2004-05 માં MPE પાર્ટ 2 ની પરીક્ષા ફોર્મ માં મારે વર્ષ 2003-04 ના MPE પાર્ટ 1 ની રીએસેસમેન્ટ કરાવેલું હતું તેમાં હું ~~[illegible]~~ હું પાસ થયો હતો તે માર્કશીટ ને યુનિવર્સિટી માં પાસ ગણવામાં આવી નહતી અને તે ને MPE પાર્ટ 2 ના પાસ માર્કશીટ માં ~~[illegible]~~ [illegible] થઈ હતી તેથી મારી [illegible] [illegible] ગઈ હતી તો માફ કરવા વિનંતી. અને આ [illegible] [illegible] મારા ભવિષ્યને ધ્યાન માં રાખી માફ કરવા વિનંતી. ~~[illegible]~~ આજ રોજ કમીટી સમક્ષ મને સાંભળવા બદલ આભાર.

આપનો વિશ્વાસુ
J. [illegible]

આજ રોજ વિદ્યાર્થીએ નૈતિક સમિતિ સમક્ષ કેસની વિગતો રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીને પણ પોતાની વાત રજૂ કરવાની તક આપી હતી. ઉપર મુજબની રજૂઆત વિદ્યાર્થીએ કરી હતી. એણે પોતાની ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યનો વિચાર કરવા વિનંતી કરી હતી. સમિતિને એમ જણાયું છે કે વિદ્યાર્થીએ 2004-2005 સુધી પરીક્ષા આપવા છતાં પરિણામ [illegible] એટલે લગભગ ભૂલની સજા મળી ગઈ એમ કહેવાય. વિદ્યાર્થીની રજૂઆત અને એના ભવિષ્યને ધ્યાને લેતાં તેમજ સમગ્ર પરિસ્થિતિને ધ્યાને લેતાં એનું પરિણામ જાહેર કરવું જોઈએ.

[illegible] 3/2/07 [illegible] [illegible] 3/2/06

# ગુજરાત યુનિવર્સિટી

જાહેરનામા નં./ ૮૯૩ /૨૦૦૬

આથી જાહેર કરવામાં આવે છે કે, **માર્ચ ૨૦૦૪** માં લેવાયેલ આ યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીએ ગેરવ્યાજબી ઈલાજો અજમાવ્યા હોવાથી તે પરીક્ષામાં તેમણે ફક્ત યુનિવર્સિટી પરીક્ષામાં મેળવેલ ગુણ રદ કરી તેમને નાપાસ જાહેર કરી તેમનાં નામ સામે જણાવેલ મુદત સુધી તેમને આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં અને અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મનાઈ ફરમાવવામાં આવે છે. તેમજ હવે આ વિદ્યાર્થીઓ માર્ચ/એપ્રિલ - ૨૦૦૭ માં લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષામાં તેમને લાગુ પડતી પરીક્ષાનું આવેદનપત્ર ભરીને તેમની કોલેજના આચાર્યશ્રી મારફતે જે તે પરીક્ષા માટે પરીક્ષાનું આવેદનપત્ર ભરવા માટે નક્કી થયેલ તારીખ સુધીમાં આ યુનિવર્સિટી કાર્યાલયમાં સમયસર મોકલીને પરીક્ષામાં બેસી શકશે અને આ અંગે વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર ક્યારે ભરવું તે માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.

## એમ.પી.ઈ. ૧ અને ૨

| કેસ નં. | વિદ્યાર્થીનું નામ | પરીક્ષાનો બેઠક નંબર | કોલેજનું નામ | ડિબાર (સજા)ની મુદત |
|---|---|---|---|---|
| ૫૭ | ચૌધરી જયેશભાઈ મધુભાઈ | ૪૨ | ડી.પી.ઈ. | બે પરીક્ષા |

નં. પરીક્ષા/૧/અ/૪૮૯૦/૨૦૦૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તારીખ:૦૩/૦૮/ ૨૦૦૬

(ડો. એ. વી. ભાંડારી)
કુલસચિવ

**નકલ રવાના:-**

૧) લાગતાવળગતા વિદ્યાર્થી તરફ જાણ સારૂ તેમજ વિદ્યાર્થીઓએ પરીક્ષાનું આવેદનપ ક્યારે ભરવું તેની સમજ માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાની સુચના સાથે.
૨) ગુજરાત રાજ્યની યુનિ.ઓના કુલસચિવશ્રીઓ તરફ..
૩) આ યુનિ. સાથે જોડાયેલી એમ.પી.ઈ. વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તર તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ.
૪) એસ. ઓ. પરીક્ષા - ૧, ૨, ૩ અને ૪.
૫) પી.પી.સી. એમ. એસ. ક્લાર્ક.
૬) જાહેરનામા સંગ્રાહક, પરીક્ષા વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯.
૭) સંબંધિત ક્લાર્કશ્રી, પરીક્ષા વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯.

C:\Documents and Settings\Academic\Desktop\Need\Minutes 13042007.doc

E.C. તા. ૫-૫-૦૭
બા.ક્ર. ૫
(પરિશિષ્ટ-૨)

# ગુજરાત યુનિવર્સિટી

મિનિટસ :-

શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ થી જુદા જુદા અભ્યાસક્રમો શરૂ કરવા વિવિધ સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા "નીડ સમિતિ"ની સભા તા.૧૩/૪/૨૦૦૭ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં માન.કુલપતિશ્રીના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧ | માન. કુલપતિશ્રી | હાજર |
| ૨ | માન. કા. કુલસચિવશ્રી | હાજર |
| ૩ | પ્રિ. ડો એમ.એન.પટેલ | હાજર |
| ૪ | શ્રી જે.જે.પટેલ | ગેરહાજર |
| ૫ | શ્રી મનીષભાઇ એમ. દોશી | ગેરહાજર |
| ૬ | શ્રી પંકજભાઈ શુકલ | હાજર |
| ૭ | ડો. ડી.જી.પટેલ | હાજર |
| ૮ | ડો. સરલાબેન અચ્યુતન | હાજર |
| ૯ | ડો. સવિતાબેન ગાંધી | હાજર |

સૌપ્રથમ માન. કુલપતિશ્રી સાહેબે સૌ સભ્યોને આવકાર્યા હતાં અને ગત શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૨૦૦૭ની "નીડ સમિતિ"ની મિનિટસ વાંચી સંભળાવી હતી. ત્યારબાદ E.C. ની તારીખ:૨૦/૮/૨૦૦૬ ના બા. ક:૧૮(૧) વાંચી સંભળાવી હતી. E.C. ની તા:૩૦/૮/૨૦૦૩ ના ઠરાવ નં: ૫૭(૫) અ વાંચી સભળાવ્યો હતો અને તે મુજબ શૈક્ષ. વર્ષ ૨૦૦૭-૦૮ માટેની નવી કોલેજનાં જોડાણ માટે નીડ ની કાર્યવાહી કરવાનું સ્વીકારવામાં આવ્યું

ચર્ચા વિચારણાને અંતે ઉચ્ચ શિક્ષણની સમકાલીન માંગણીઓ અને વિવિધ અભ્યાસક્રમોનાં પ્રસ્તાવોને ધ્યાનમાં લેવા નીચે મુજબનાં મહત્વના નીતિવિષયક નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા.

(૧) ઉચ્ચ કાઉન્સિલ સાથે જે સંસ્થાઓએ અરજી કરી છે, તેને N.O.C. આપવાનું રાખવું. ઉચ્ચ કાઉન્સિલની મંજૂરી આવ્યેથી જોડાણ બાબતે આગળની કાર્યવાહી કરવાનું નકકી થયું.

(૨) એમ.એડ/બી.એડ ની નવી કોલેજો કે જેમાં એન.સી.ટી.ઈ.ની મંજૂરી મળી છે તેવી કોલેજોના કિસ્સામાં એકેડેમિકના નોર્મ્સમાં કોઈ છુટછાટ આપવી નહીં, અને સ્ટાફ પ્રોફાઈલ (વહીવટી અને શૈક્ષણિક સ્ટાફ) મંગાવવાનું રાખવું. બી.એડમાં ૧૦૦ સીટો માટે ૭ અધ્યાપક અને ૧ આચાર્યશ્રી કુલ આઠ સ્ટાફ હોવો જોઈએ, જયાં આઠની જગ્યાએ સાતની સંખ્યા હોય ત્યાં ૧૦૦ સીટમાંથી ૧૨ સીટો રદ કરવાનું અને તે મુજબ જેટલો ઓછો શૈક્ષ. સ્ટાફ હોય તે પ્રમાણે સીટો ફાળવવાનું રાખવું તેવું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું. બી.એડમાં વહીવટી ખર્ચ [illegible] ડેવલપમેન્ટ ફંડ રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે રુપીયા એક લાખ પુરા) દર વર્ષે ખર્ચ અને વિકાસ પેટે લેવાનું રાખવું.

(૩) કોઈપણ વિદ્યાશાખામાં અરજી કરનાર સંસ્થા માટે ચર્ચા વિચારણાને અંતે સંસ્થાનું પોતાની માલિકીનું મકાન હોય તેવી સંસ્થાની જ અરજી અન્વયે જોડાણ સંબંધે સ્થાનિક તપાસ સમિતિ નીમવાની તથા યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) કોમર્સ કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ માટે કોઈ નવું જોડાણ આપવું નહીં અને જે સંસ્થાએ અરજી કરી છે તેમને જોડાણ ફીના રૂા.૨૫,૦૦૦/- પરત કરવાનું રાખવું.

(૫) જયાં હાયર કાઉન્સિલ લાગું પડે છે, તેવી સંસ્થાઓ જેવી કે, નર્સિંગ, બી.એડ, એમ.એડ, એન્જીનીયરીંગ, ફાર્મસી, એમ.બી.એ. વિગેરે ની આવેલ અરજીઓ માન્ય રાખવાનું અને હાયર કાઉન્સિલની માન્યતા આવ્યા બાદ સ્થાનિક તપાસ સમિતિ નીમીને જોડાણ સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું નકકી થયું.

(૬) બી.સી.એ. અભ્યાસક્રમમાં નવી કોલેજ માટે આવેલ અરજીઓ માટે વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે અમદાવાદના અલ્પ વિકસીત વિસ્તાર તેમજ શૈક્ષણિક રીતે અલ્પ વિકસીત વિસ્તારમાં નવી કોલેજો આપવા વિચારવું અને ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ વર્ષે જોડાણ સંબંધી કાર્યવાહી કરવા વિચારવું.

(૭) એમ.એસસી. -આઈ.ટી. માટે આવેલ અરજી પર ચર્ચા વિચારણા કરી ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ સિવાય પી.જી.કોર્સ બહાર ન આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૮) કે.કા.શાસ્ત્રી ટ્રસ્ટની સરકારી કોલેજ માટે આવેલ દરેક અરજી માન્ય રાખી જોડાણ સંબંધી કાર્યવાહી કરવાનું રાખવું.

(૯) બી.બી.એ. માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવામાં આવી અને ચર્ચા વિચારણાને અંતે બી.બી.એ. માટે હાલ પૂરતું અમદાવાદના અલ્પ વિકસીત વિસ્તાર, શૈક્ષણિક રીતે અલ્પ વિકસીત વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જોડાણ આપવા વિચારવું અને આ અંગે સ્થાનિક તપાસ સમિતિ નીમીને જોડાણ સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૦) આર્ટસ કોલેજમાં ચર્ચા વિચારણાને અંતે હાલ પૂરતું અમદાવાદના અલ્પ વિકસીત વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર તેમજ શૈક્ષણિક રીતે અલ્પ વિકસીત વિસ્તારમાં જોડાણ અંગે વિચારવું તેમજ સ્થાનિક તપાસ સમિતિ નીમવાની સત્તા અને તે સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૧) સાયન્સ ફેકલ્ટીમાં ચર્ચા વિચારણાને અંતે બાયોટેકનોલોજી કોર્સને ઉત્તેજન આપવા માટે જે સંસ્થા પાસે આ કોર્સ શરુ કરવા માટે અલાયદું મકાન હોય, તેવી સંસ્થાના જોડાણ અંગે વિચારવું તેમજ સ્થાનિક તપાસ સમિતિ નીમવાની અને જોડાણ સંબંધે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૨) જો કોઈ એક ટ્રસ્ટે એક કરતાં વધુ કોલેજ માટે અરજી કરેલ હોય તેકિસ્સામાં માત્ર એક જ કોલેજ માટેની અરજી વિચારણામાં લેવી તેવું ચર્ચા વિચારણાને અંતે સર્વાનુંમતે નકકી કરવામાં આવ્યું.

અંતમાં સર્વાનુમતે એવું ઠરાવવામાં આવ્યું કે, આ અંગે યુનિ. દ્વારા વર્તમાનપત્રોમાં નવી કોલેજ શરુ કરવા સંબંધી જાહેરાત આપવી, ત્યારબાદ એજન્ડા પરનું કામકાજ પૂરું થતાં સભા પૂર્ણ થઈ.

E. C. ૫-૫
બાબત-૯
(પરિશિષ્ટ-૩)

# ગુજરાત યુનિવર્સિટી

**મિનિટસ :-**

વિષય : નીડ સમિતીની સભા અંગે...

નીડ સમિતીની એક સભા તા.૪/૫/૨૦૦૭ના રોજ સાંજે ૫-૦૦ ક્લાકે યુનિવર્સિટી કાર્યાલયમાં માન.કુલપતિશ્રીના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧ | માન. કુલપતિશ્રી | હાજર |
| ૨ | માન. કુલસચિવશ્રી | હાજર |
| ૩ | શ્રી નરહરીભાઈ એચ. અમીન | ગેરહાજર |
| ૪ | શ્રી સુધીરભાઈ નાણાવટી | હાજર |
| ૫ | પ્રિ. ડૉ. એમ. એન. પટેલ | હાજર |
| ૬ | શ્રી જે. જે. પટેલ | ગેરહાજર |
| ૭ | શ્રી મનિષભાઈ એમ. દોશી | હાજર |
| ૮ | શ્રી પંકજભાઈ શુક્લ | હાજર |
| ૯ | ડૉ. ડી. જી. પટેલ | હાજર |
| ૧૦ | ડૉ. સરલાબેન અચ્યુત્તન | હાજર |
| ૧૧ | ડૉ. સવિતાબેન ગાંધી | હાજર |

**કામકાજની યાદી**

(૧) જૂન-૨૦૦૭-૦૮થી નવી આર્ટસ/સાયન્સ/બીબીએ/બીસીએ કોલેજો શરૂ કરવા માટે તા.૧૭/૪/૦૭ના રોજ ત્રણ વર્તમાનપત્રોમાં જાહેરાત આપી હતી. તે સંદર્ભે જુદા જુદા ટ્રસ્ટો તરફથી જુદી જુદી વિદ્યાશાખાની કોલેજો ચાલુ કરવા માટે આવેલી અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત. :

ઠરાવ : **આજે ઉપસ્થિત તમામ સભ્યોએ સર્વાનુંમતે ઠરાવ્યુ કે, રાજ્ય સરકારશ્રી દ્વારા જે નવી કોલેજો શરૂ કરવા અરજીઓ આવી છે તેને અલગ ધારાધોરણથી તપાસવી જોઈએ. અને તે પ્રમાણે તપાસતા Need Establish થાય છે. આથી આગાળની કાર્યવાહી માટે કુલપતિશ્રીને વિનંતી કરવામાં આવે છે કે જૂન-૨૦૦૭ના વર્ષથી સરકારશ્રી દ્વારા માંગવામાં આવેલ કોલેજો શરૂ થઈ શકે તે માટે જરૂરી દરખાસ્ત આગામી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તેમજ અન્ય જરૂરી સત્તામંડળ સમક્ષ રજૂ કરવી.**

**બીજી સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓની સંખ્યા ઘણી વધારે એટલે કે ૧૩૩ અરજીઓ (૨૩ + ૧૧૦) છે. આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત અરજીઓની ચકાસણી જાહેરાતમાં દર્શાવેલ શરતો તપાસી જરૂરી નોંધ સાથે આગામી નીડ સમિતિ સમક્ષ રજૂ કરવી.**

**ત્યારબાદ સભાનુ કામકાજ પૂરૂ થયેલું જાહેર કરવામાં આવ્યું.**

તા.૪/૫/૨૦૦૭

કા.કુલસચિવશ્રી

બાબત ક્રમાંક: ૫

પરિશિષ્ટ. ૪ ગુજરાત યુનિવર્સિટી

EC/ ૬|૬|૨૦૦૭

નં. એસ્ટેટ/બાંધકામ/ /૨૦૦૭

તા. -૫-૨૦૦૭

ગુજરાત યુનિવર્સિટી બાંધકામ સમિતિની એક સભા તા.૫-૫-૨૦૦૭ ના રોજ સવારે ૯-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. આ સભાનું પ્રમુખસ્થાન મા.કુલપતિશ્રી ડો. પરિમલ ત્રિવેદી સાહેબે સંભાળ્યું હતું. સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી:

| | | | |
|---|---|---|---|
| (૧) | મા. કુલપતિશ્રી | : | હાજર |
| (૨) | શ્રી નરહરીભાઈ અમીન | : | હાજર |
| (૩) | શ્રી સુધીરભાઈ નાણાંવટી | : | હાજર |
| (૪) | કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન | : | હાજર |
| | વિભાગ વતી શ્રી જી.કે.શાહ | : | હાજર |
| (૫) | શ્રી અજયભાઈ સોની | : | હાજર |
| (૬) | ડો. ડી. જી. પટેલ | : | હાજર |
| (૭) | પ્રિન્સિપાલશ્રી, એલ.ડી.એન્જી.કોલેજ વતી શ્રી કે.એમ. શાહ | : | હાજર |
| (૮) | ડો. મુકુલભાઈ શાહ | : | હાજર |
| (૯) | ડો. કેતનભાઈ દેસાઈ | : | ગેરહાજર |
| (૧૦) | કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી | : | હાજર |
| (૧૧) | યુનિવર્સિટી ઈજનેરશ્રી | : | હાજર |

બા.ક્ર.૧ તા. ૩/૦૨/૦૭ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

ઠ.ક્ર.૧ તા. ૩-૨-૨૦૦૭ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ વંચાણે લઈ, સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

બા.ક્ર.૨ ગુજ.યુનિ અંતર્ગત કરવાના થતા સિવિલ કામો માટે અગાઉ વર્તમાનપત્રોમાં જાહેરાત આપી પ્રિ.ક્વોલિફીકેશન માટેના મંગાવેલા ટેન્ડરો પૈકી આવેલ અરજીઓ પરથી મે. એલ.જે. પુરાણીની દ્વારા તૈયાર કરેલા તારણ પત્રક નં: LJP/A/NW/L-૧૫ તા. ૩૧/૦૩/૨૦૦૭ પરત્વે પચાસ લાખથી વધુના કામો માટે સિવિલ કોન્ટ્રાકટરોની પેનલ તૈયાર કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૨ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજ.યુનિ. કેમ્પસ પર પચાસ લાખથી ઉપરના નવા/રીપેરીંગના કામો માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપીને ભાવપત્રકો મંગાવવાનું રાખવું.

બા.ક્ર.૩ યુનિ ફા.પ્લોટ -૨૨, ટી.પી.-૩૧ હેઠળ નવા બનતા કન્વેન્શન સેન્ટરના બાંધકામ દરમ્યાન જી.એમ.ડી.સીના મકાન તરફ જતા રસ્તાની સમાંતરે જતો જી.એમ.ડી.સીના મકાનનો વિજપુરવઠો પૂરો પાડતો હાઇટેન્શન ઇલે.કેબલ શિફ્ટીંગ કરવા અંગે ટોરેન્ટ પાવર કંપનીનો પત્રક્રમાંક નં :-

BS/HT-૭૯૭/૮૧૪ તા:- ૧૪/૦૨/૦૭થી આવેલ એસ્ટીમેટ રૂ. ૨,૨૧,૧૦૦/- પરત્વે ચર્ચા વિચારણા કરવા અંગે

ઠ.ક્ર.૩ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ બાબત આગામી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ મંજૂરી માટે મૂકવાનું રાખવું.

બા.ક્ર.૪ યુનિ.કેમ્પસ પર એમ.પી.એલ.એ.ડી. અંતર્ગત બાયોટેકનોલોજીના અભ્યાસ માટે નવા મકાન બાંધકામ અંગે આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણીની દ્વારા યુનિ.પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી મંગાવેલા અને આવેલા ભાવપત્રકો તેમજ તેના પરથી તૈયાર કરેલ તારણપત્રક નઃ LJP&A/BTS/L-૧ તા.૧૦/૦૪/૨૦૦૭ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૪ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિ. કેમ્પસ પર નવા બાયોટેકનોલોજી ભવનના બાંધકામ અંગે આવેલા ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. જે.સી. બિલ્ડર પાસેથી આવેલા આઈટમોના ભાવો તેમજ સર્વિસ ટેક્ષ અંગેની બાબતો પર ચર્ચા વિચારણા કરવા મા.કુલપતિ સમક્ષ બોલાવીને નક્કી કરવાનું રાખવું અને તે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા.

બા.ક્ર.૫ યુનિ.કેમ્પસ પરના EMRCના મકાનના રીપેરીંગ અંગે યુનિ.પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી નિયુક્ત કરેલ આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણીની દ્વારા મંગાવેલા ભાવપત્રકો તેમજ તેના પરથી તૈયાર કરેલ તારણપત્રક નઃLJP&A/NW/L-૧ તા.૧૯/૦૩/૨૦૦૭ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૫ લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઈ.એમ.આર.સી.ના મકાનના રીપેરીંગ કામો માટે મંગાવેલા ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. સામવિત બિલ્ડકેર પ્રા.લિ.ને કામ સોપવાનું રાખવું અને આ અંગેનો થનાર ખર્ચ રૂ. ૧૨,૭૫,૫૯૫/૫૦ (અંકે રૂ. બાર લાખ પંચોતેર હજાર પાંચસો પંચાણુ અને પચાસ પૈસા પૂરા) ખર્ચ મંજૂર કરવાનું રાખવું

બા.ક્ર.૬ ગુજરાત યુનિવર્સિટીમાં દસમી પંચવર્ષીય યોજના અન્વયે કરવાના થતા નવા બાંધકામો જેવાકે બી.કે.સ્કુલ સેમીનાર હોલ, સી.ડી.સી વિભાગ, સ્કુલ ઓફ કોમર્સ , લેડીઝ હોસ્ટેલ સી બ્લોકના આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણીની દ્વારા યુનિ.પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી મંગાવેલા અને આવેલા ભાવપત્રકો તેમજ તેના પરથી તૈયાર કરેલ તારણપત્રક નઃ LJP&A/BK/CDC/SOC/LD/L-૧ તા.૧૧/૦૪/૨૦૦૭ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠ.ક્ર.૬ ઉકત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે દસમી યોજના હેઠળના યુ.જી.સી. દ્વારા મંજૂર કરેલા કામો માટે આવેલા યુનિ. પેનલ ઉપરના કોન્ટ્રાકટરના ભાવપત્રકો જોતાં નીચે મુજબના કામોના, લોએસ્ટ કોન્ટ્રાકટરને આવેલા આઈટમોના ભાવો તેમજ સર્વિસ ટેક્ષ અંગેના બાબતો પર ચર્ચા વિચારણા કરવા મા.કુલપતિ સમક્ષ બોલાવીને નક્કી કરવાનું રાખવું અને તે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

| નં. | મકાનનું નામ | ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટરનું નામ |
|---|---|---|
| ૧ | બી.કે. સ્કૂલ સેમિનાર હોલ | મે. હેમંત કે. શાહ |
| ૨ | સ્કૂલ ઓફ કોમર્સ સેમિનાર હોલ | મે. હેમંત કે. શાહ |

| | | |
|---|---|---|
| ૩ | સીડીસી વિભાગ સેમિનાર હોલ | મે. હેમંત કે. શાહ |
| ૪ | લેડીઝ હોસ્ટેલ-સી બ્લોક | મે. સામવિત બિલ્ડકેર પ્રા.લિ. |

બા.ક્ર.૭ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચે મુજબની બાબતો રજૂ કરવામાં આવી:

બા.ક્ર.-૭(૧) યુનિ. કેમ્પસ પર યુનિ. ના મકાનમાં ચાલતાં ઈન્ફલીબનેટ સેન્ટરના પત્રક્રમાંક:ADIR/GEN.૦૨ GU/૨૦૦૭ તા. ૨૩-૪-૨૦૦૭ થી કરેલ મકાન રીપેરીંગની બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ-૭(૧) ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવ્યું કે ઈન્ફલીબનેટને ફાળવેલ મકાનોનાં જરૂરી રીપેરીંગ તેમજ વ્હાઈટ વોશ વગેરે કરાવવા તે અંગેનો અંદાજીત ખર્ચ વગેરે ત્વરિત તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બા.ક્ર.૭(૨) યુનિ. ખાતે NAAC કમિટીની મુલાકાત દરમ્યાન યુનિ. સેનેટ હોલના રીપેરીંગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી ની જાણ અર્થે.

ઠરાવ-૭(૨) લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિ. સેનેટ હોલના રીપેરીંગ કામો અંગે આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણી દ્વારા યુનિ. પેનલ ઉપરના કોન્ટ્રાકટરો પાસેથી મંગાવેલા ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. સામવિત બિલ્ડકેર પ્રા.લિ. પાસેથી યુનિ. માં NAAC કમિટીની મુલકાત થનાર હોઈ ત્વરિત જરૂરી કામગીરી ચાલુ કરીને પૂર્ણ કરાવવામાં આવેલ હતી તો આ બાબત તેમજ તે અંગે બાકી કામગીરી અંગે થનાર ખર્ચ રૂ.૪૦,૭૯,૮૭૦/- (અંકે રૂ. ચાલીસ લાખ અગ્ન્યાએંશી હજાર આઠસો સીત્તેર પૂરા) મંજૂર કરવાનું રાખવું. વધુમાં આવેલા જરૂરી સિવિલ કામગીરીના ભાવો પૈકી ઉપરોક્ત કોન્ટ્રાકટરના ઓછા ભાવ રૂ. ૨૯,૧૭,૦૫૦/- (અંકે રૂ. ઓગણત્રીસ લાખ સત્તર હજાર પચાસ પૂરા) નો ખર્ચ પણ મંજૂર કર્યાની નોંધ લેવામાં આવી.

બા.ક્ર.૭(૩) યુનિ. કેમ્પસ પર અગાઉની બાંધકામ સમિતિમાં નક્કી થયા મુજબ નવા લેડીઝ હોસ્ટેલ બ્લોકના બાંધકામ અંગે આર્કીટેક્ટ મે. એલ.જે. પુરાણી દ્વારા તૈયાર કરેલા પ્લાન, અંદાજો યુ.જી.સી.ની મંજૂરી માટે મોકલવા બાબત.

ઠરાવ-૭(૩) લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં અવે છે કે નવા લેડીઝ હોસ્ટેલ સી બ્લોકના બાંધકામ અંગે નિયુકત કરેલ આર્કીટેક્ટ મે. એલ.જે.પુરાણી દ્વારા તેઓના પત્રક્રમાંક: LJP&A/NW/L-૧૮ તા. ૩-૫-૦૭થી તૈયાર કરેલા પ્લાન, અંદાજો જરૂરી સહી-સિક્કા કરાવીને યુ.જી.સી., ન્યુ દિલ્હીને મોકલી આપવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયેલ હતું.

(સહી)
ઇ/ચા. કુલસચિવ